સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર


# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જુલાઈ - ૨૦૧૧
બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-


















# શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૧, શ્રી રઘુવીરવાડી-વડતાલ






વિસ્કોન્સિન રાજ્યના રૈસીન શહેરને આંગણે પ.ભ. શ્રી મહેશભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૩૧-૫-૨૦૧૧)






મિશિગન રાજ્યના ડેટ્રોઇટ ખાતે પ.ભ. શ્રી વિનુભાઈ પટેલ તથા અરવિંદભાઈ માલવિયાના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૩-૬-૨૦૧૧)









કેલિફોર્નિયા રાજ્યના સાન ફ્રાન્સિસ્કો (ફ્રીમોન્ટ) શહેરને આંગણે હિન્દુ ટેમ્પલ તેમજ રાજુભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા. ૫/૬-૬-૨૦૧૧)




ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટનને આંગણે શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૧-૬-૨૦૧૧)




જ્યોજીયારાજ્યના પેરી શહેરને આંગણે પ.ભ. શ્રી જીતેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૫-૬-૨૦૧૧)




જ્યોજીયા રાજ્યના મેકન શહેરને આંગણે પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૬-૬-૨૦૧૧)



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૬, અંક :- ૧૨, તા. ૨૦-૦૭-૧૧

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
**E-mail :** chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com


# આવ્યો ચાતુર્માસ મનોહર...

*વિષેશનિયમો ધાર્યચ્ચાતુર્માસસ્યેઽખિલૈરપિ*

**(અને અમારા જે સર્વ સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો)**

ચાતુર્માસનો મહિમા ભગવાનની ભક્તિ કરવાને માટે , પરમાત્માનો રાજીપો મેળવવાને માચે શાસ્ત્રોમાં સર્વોત્તમ બતાવેલો છે. ચાતુર્માસની શરૂઆત અષાઢ માસની દેવપોઢી એકાદશી (નીમિ એકાદશી)થી થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ આ એકાદશીએ પરંપરાનું પાલન કરાવતા ભક્તોને વિવિધ નિયમો આપતા તેના પ્રસંગો સંપ્રદાયના માન્ય લીલાચરિત્રોના ગ્રંથોમાં પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીહરિ દેવપોઢી એકાદશીના દિવસે સામેથી નિયમો આપતા. અહિં આપેલા નિયમ પરથી મહારાજનો અભિપ્રાય આપણને સ્પષ્ટપણે જણાય છે કે તેઓશ્રીને કેટલી બધી તપ-ત્યાગની રુચિ હતી. આવી રીતે આપણે પણ મહારાજની રુચિમા ભળીને મહારાજે બતાવેલ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે 'વિષેશનિયમો ધાર્યચ્ચાતુર્માસસ્યેઽખિલૈરપિ' - અને અમારા જે સર્વ સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો. જો આપણે ચાતુર્માસમાં વિશેષ નિયમ રાખીશું તો આપણા પર ભગવાન શ્રીહરિની તથા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની, સંતો-ભક્તો વગેરેની અધિક પ્રસન્નતા થશે.

## :: અનુક્રમણિકા ::


૧ સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ... ૦૬
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧ ૧૭
- સંકલિત

૩ વડતાલધામ શિકાગોના ૨૦મો વાર્ષિક પાટોત્સવ... ૧૮
- સંકલિત

૪ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - ન્યૂજર્સી... ૨૧
- સંકલિત

૫ USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧તસ્વીર દર્શન... ૨૪
- સંકલિત

૬ સત્સંગ સમાચાર પત્રિકા... ૨૯
- સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૭ ટૂંકસમયમાં જ શ્રી સત્સંગિજીવન ગ્રંથની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન... ૩૨
- સંકલિત

૮ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - જગન્નાથપુરી.... ૩૬
- સંકલિત

## અસાધારણ લક્ષણ : ૯

'स्वीयाज्ञया ह्यगणिताः पुरुषाश्च योषाः
स्वस्वीयधर्मसुदृढस्थितिमाप्नुवन्ति ।
ज्ञानादिषु स्थितिमिति प्रसुवेद्यमात्म -
वाक्ये महोऽस्य नवमं त्विदमेव लक्ष्म ।।१३।।'

**અર્થ :** જેમના કેવળ વચનના પ્રતાપે અગણિત પુરુષો તથા સ્ત્રીઓ પોતપોતાના ધર્મમાં દૃઢતા પ્રાપ્ત કરી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ કરે છે તે તેમનું **નવમું લક્ષણ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સંપ્રદાય સ્થાપીને અનેક જીવોના ઉદ્ધારનો જે ધોરી માર્ગ બાંધ્યો છે, તેમાં સત્સંગરૂપી આત્યંતિક કલ્યાણની એક પાઠશાળા ઉઘાડી છે. આ પાઠશાળામાં પ્રવેશ પામી ઓછાવત્તા અધિકારવાળા એટલે કે થોડી ઘણી પાત્રતા ધરાવનાર સર્વ જીવોનો ક્રમિક વિકાસ થાય અને અંતે તેઓ પરમપદના અધિકારી બને છે.

શ્રીજીમહારાજ પોતાના આશ્રિતોના પોષણ માટે સતત ગામડાઓમાં વિચર્યા જ કરતા, અને જે તે સ્થાનોમાં સૌપ્રથમ કથાવાર્તા કરતા. આ તેમનો નિત્યક્રમ કહો કે સહજ સ્વભાવ કહો. ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિત ત્યાગી ગૃહસ્થ ભક્તોના ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ આદિક અંગોનું પોષણ કથા-વાર્તા દ્વારા જ કરતા.

અને શ્રીજીમહારાજે પોતાના ઉપદેશોમાં સત્સંગને વિશેષ પ્રધાનપણું આપ્યું છે.

ગ. મધ્યના ૫૪માં તથા ગ. અંત્યના ૨જા વચનામૃતમાં શ્રીજીમહારાજે શ્રીમદ્ ભાગવતની ટાંક પૂરીને કહ્યું છે કે, ''એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે કે, 'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક, એણે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.' એમ ભગવાને કહ્યું છે; માટે સર્વ સાધન કરતા સત્સંગ અધિક થયો.''



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

લેખાંક : ૨

# સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ;
# સર્વના નિયંતા નાથજી રે, સર્વેના કરિયા કામ.

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

એપ્રિલ - ૨૦૧૧ના અંકની લેખમાળામાં 'ભગવાન શ્રી સ્વામિનારાયણના અસાધારણ ૧૩ લક્ષણો'માંના આપણે ૮ લક્ષણોનું પઠન કર્યું હતું. હવે માણો લક્ષણ - ૯થી...

ભગવાન શ્રીહરિએ માનવ કલ્યાણ માટે સર્વ વેદ-શાસ્ત્રોના રહસ્ય સિદ્ધાંતરૂપે શિક્ષાપત્રી લખી છે. તેના આરંભમાં અને અંતમાં પણ સર્વ આશ્રિતોને સદાચાર માટે એક ખાસ મહત્ત્વની સૂચના આપી છે કે -

'ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।

सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥८॥'

'न तु स्वैरं कदाचन ॥२०५॥'

"શાસ્ત્રોમાં કહેલા સદાચારો પાળવાથી અતિ સુખી થવાય છે. સદાચાર, છોડી દઈને પોતાની મરજી પ્રમાણે વર્તનાર અતિશય દુઃખી થાય છે. માટે અમારા સર્વ શિષ્યોએ શિક્ષાપત્રીમાં કહેલા સદાચારો પ્રમાણે હંમેશા પ્રેમથી સાવધાનપણે વર્તવું." (શ્લોક :- ૮, ૯, ૧૦) "...પણ મનસ્વી રીતે તો ક્યારેય ન વર્તવું..." (શ્લોક :- ૨૦૫)

વચનામૃત **ગ. મ. ૪૫**માં શ્રીજીમહારાજ પોતાના આશ્રિતોને ટકોર કરે છે કે, "...તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, એ તમે સર્વે મારા કહેવાઓ છો તે જો હું ખટકો રાખીને તમને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમારા થકી દેખાય નહિ. માટે જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન રહેજ્યો, જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ અને મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેનાં હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી..."

આવી જ રીતે **ગ. પ્ર. પ્રકરણના ૧૮**માં વચનામૃત પણ પોતાના આશ્રિતોની સદાય ચિંતા રાખતા ભગવાન શ્રીહરિ કહે છે :- "...એક વાત કહું તે સાંભળો" એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "મારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહું પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ અને આ વાત છે તેને સમજીને તે જ પ્રમાણે વર્તે તે જ મુક્ત થાય છે અને તે વિના તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારતાદિક ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેના અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ, તે વાત કહીએ તે સાંભળો..."

આ રીતે શ્રીજીમહારાજે શિયાળાની રાત્રિના ચાર વાગ્યા પહેલા જાગ્રત થઈને ત્યાગી ગૃહી સર્વને બોલાવીને કઈ રીતે વર્તવું જોઈએ તે ખૂબજ સ્પષ્ટતાપૂર્વક વિસ્તારથી સમજાવ્યું છે. તે આપણે આ વચનામૃત વાંચી-વિચારીને જોઈએ તો ખ્યાલ આવે છે.

આ વચનામૃતમાં છેવટે ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતો તરફ હૃદયની ઊંડી લાગણી બતાવીને કહે છે : "...આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું..., ...પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો, એ વચન અમારું જરૂરાજરૂર માનજ્યો. અને આ વાત તો સર્વને સમજાય એવી સુગમ છે માટે સર્વના સમજ્યામાં તુરત આવી જાશે, તે સારું સત્સંગમાં અતિશય પ્રવર્તાવજ્યો તેમાં અમારો ઘણો રાજીપો છે..."

આમ, અવારનવાર ઉપદેશો આપીને ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-ભક્તોને ધર્મ-જ્ઞાન-વૈરાગ્યનું બળ પૂરું પાડતાં. તેનાથી સામાન્ય કક્ષાવાળા આશ્રિતો પણ સદ્વર્તનશાળી બનતા હતા.

એકવાર જૂનાગઢના બેગમના બગીચાના નોકર ગોવા ભંગીને બગીચામાંથી બેગમનું



"...આ અમારું વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વ સેવા કરી. અને અમે પણ તમને સર્વને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું..., ...પંચ ઈન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો, એ વચન અમારું જરૂરાજરૂર માનજ્યો. અને આ વાત તો સર્વને સમજાય એવી સુગમ છે માટે સર્વના સમજ્યામાં તુરત આવી જાશે, તે સારું સત્સંગમાં અતિશય પ્રવર્તાવજ્યો તેમાં અમારો ઘણો રાજીપો છે..."

કિંમતી ઝાંઝર મળ્યું. તે લઈને બેગમને પાછું આપવા ગયો. ત્યારે બેગમે કહ્યું : "અલ્યા ગોવા ! તું આ ઘેર લઈ હોત તો મને ક્યાં ખબર પડવાની હતી ?" ત્યારે ગોવો બોલ્યો : "બેગમ સાહેબા ! મેં ભગવાન શ્રી સ્વામિનારાયણની કંઠી ધારણ કરી છે. તેમના ઉપદેશથી પારકી વસ્તુ મારે મન ધૂળ સમાન છે." બેગમ આ સાવ સામાન્ય નીચી કોમમાં જન્મેલા ગોવા ભંગીની ધર્મપરાયણતા જોઈ ચકિત થઈ ગઈ !!!

એવા હલકી કોમમાં જન્મેલા લીમલીના સગરામ વાઘરી અને લોયાના ઘેલા કોળીએ રસ્તામાં મળેલા ઘરેણાંને દુષ્કાળના વિકટ સંજોગોમાંય ધૂળ સમાન ગણીને છોડી દીધેલાં.

ગામ લંગાળાના માંડણ ભક્ત ગાડું જોડીને ખેતરે જતાં હતા. ગાડામાં તેની સ્ત્રી બેઠેલી. રસ્તામાં સૂતરનું નાડું પડેલું તેણે જોયું. ગાડાં નીચે ઊતરીને તેણે તે નાડું લઈ લીધું. ત્યારે ભગતે કહ્યું : "લીધેલું નાડું નાંખી દે. નીકર તારા હાથનું અન્નજળ હરામ છે." બાઈએ નાડું નાંખી દીધું પછી જ ગાડું હાંકીને તે ખેતરે ગયાં.

કેવળ પ્રેમના શાસનથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણે સેંકડો સત્સંગીઓનો આવો ધર્મપરાયણ સમાજ અલ્પ સમયમાં તૈયાર કર્યો હતો.

ધર્મની જેમ જ જ્ઞાન-વૈરાગ્યથી યુક્ત ભક્તો પણ શ્રીજીમહારાજના વચને તૈયાર થયેલાં.

કુંડળના રાઈબાનો દીકરો હાથીયો પટગર ધામમાં જતાં તેમણે ગામમાં સાકર વહેંચી ઉત્સવ મનાવેલો.

માંગરોળના ગોરધનભાઈ જેવાએ જનકના જેવી સ્થિતિ પ્રાપ્ત કરેલી. સાકર ને મીઠું બંને તેમને સમાન થઈ ગયેલા.

પર્વતભાઈ અને દેવજીભગતના એકના એક દીકરા ધામમાં ગયા તોપણ તેમને લગારેય શોક થયો નહિ.

એકજ પત્રે ગામ-ગરાસ, સ્ત્રીપુત્ર, ખેતી-વાડી કે વ્યવહાર મૂકીને ૧૮-૧૮ ગીરાસદાર કાઠી દરબારો સર્પ જેમ કાછળી ઊતારે તેમ સંસારને ઓકીને ભગવો ભેખ પહેરી ચાલી નીકળેલા.

સંસારમાં જળકમળવત્ રહેતા આવા અનેક ભક્તોનો સમૂહ શ્રીજીમહારાજે તૈયાર કર્યો હતો.

તે સમયમાં જીવુબા, લાડુબા, રાજબા, ઝમકુબા, રામબાઈ જેવા કેટલાંય સ્ત્રીભક્તો પરણ્યા ધણીનો ત્યાગ કરીને ભગવાન ભજવા નીકળી પડેલાં.

એટલે જ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :-

**'સહજાનંદ સ્વામી રે પોતે પરબ્રહ્મ છે રે,**
**સ્વામિનારાયણ જેનું નામ રે;**
**સત્ય ધર્મ સ્થાપી રે અધર્મ ટાળિયો રે,**
**કીધાં વાલે નિજ જન અતિ નિષ્કામ રે...સહજાનંદ૦૧**
**સુખદાયક રે સ્વામી સહજાનંદ, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ...**
**વ્હાલે સતજુગ સમ ધર્મ સ્થાપિયો,**
**ચાળ્યા નિજ જનના, મનથી મદમાર...પ્રગટ૦**
**મુક્તાનંદ કહે અધર્મ ઉથાપિયો,**
**ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સ્થાપ્યા ગ્રહી હાથ...પ્રગટ૦'**

આમ, પોતાના પ્રાગટ્ય પૂર્વે ક્યારેય પૃથ્વી પર પ્રગટ ન થયો હોય તેવા એકાંતિકધર્મનું સ્થાપન એ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનું નવમું અસાધારણ લક્ષણ છે.

સંપ્રદાયમાં સંતોની સોહામણી સુરજમાળના મોભાર સમા સંત, શ્રીજીમહારાજે સ્વધામગમન સમયે એમને પાસે બોલાવી બંને દેશના તમામ સંતો-હરિભક્તોના મોભી બનાવ્યા અને તમામને બંને આચાર્યજી મહારાજશ્રી કહે તેમ વર્તાવવાની જવાબદારી જેને સોંપી છે એવા અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણનું દશમું લક્ષણનું વર્ણન કરતા કહે છે :-

### અસાધારણ લક્ષણ : ૧૦

'पुष्पांशुकादि निजयोगवदत्र वस्तु संस्पृश्य
वीक्ष्य च हि यान्ति जनाः समाधिम् ।
तत्राक्षरप्रमुखधाम विभूतिमुख्यं पश्यन्ति
लक्ष्म दशमं त्विदमस्य वेद्यम् ।।१४।।'

**અર્થ** : કેવળ પોતાના સંબંધને પામેલ વસ્તુ જે પુષ્પ-વસ્ત્રાદિનાં સ્પર્શ કે દર્શનમાત્રથી જ મનુષ્યોને સમાધિ કરાવવી અને ધામ તથા ધામનાં ઐશ્વર્યો બતાવવાં તે સર્વોપાસ્યમૂર્તિ ભગવાન શ્રીહરિનું **દશમું લક્ષણ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપથી તેમના આશ્રિતોથી તો લોકોને સમાધિ થતી, પરંતુ શ્રીજીમહારાજના સંપર્કમાં આવેલી જડ વસ્તુઓમાં પણ એવું સામર્થ્ય આવી જતું કે તેના દર્શન કે સ્પર્શથી પણ લોકોને સમાધિ થઈ જતી ને ધામના તથા અવતારોના દર્શન થતાં.

આપણે અગાઉ જોયું છે કે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી સિંધ પ્રદેશમાં સત્સંગ કરાવવા ગયેલા શેખજીની દાઢી જોઈને સામાન્ય મનુષ્યોને પણ સમાધિ થતી અને ધામમાં ભગવાનના પણ દર્શન થતાં.

સંતોના મંડળો જ્યારે ગામડે ફરવા જતા ત્યારે શ્રીજીમહારાજ તેમને એક સોટી આપતા ને કહેતા કે, "આનો એક બાજુનો લાલ છેડો અડાડશો તેથી માણસોને સમાધિ થશે અને આ સોટીનો બીજો ધોળો છેડો અડાડશો તેથી તે વ્યક્તિ સમાધિથી બહાર આવશે." સંતો ગામડે જતા અને તે પ્રમાણે કરતા તો લોકોને સમાધિ થતી અને ધામમાં ભગવાનના દર્શન પણ થતાં. પછી સૌ સમાધિમાંથી જાગ્રત થઈ વર્તમાન ધારણ કરતા. આમ - લાકડી દ્વારા, રૂમાલ દ્વારા શ્રીજીમહારાજે સમાધિઓ કરાવી છે.

માંગરોળમાં તો શ્રીજીમહારાજે એવો સંકલ્પ કર્યો કે જે જે મારી ચાખડીનો 'ચટ...ચટ...' અવાજ સાંભળે તેનેય સમાધિ થાય. અને ભગવાન શ્રીહરિ જ્યારે બજારમાં નીકળતા ત્યારે જે જે લોકોના કાને ચાખડીનો 'ચટ...ચટ...' અવાજ પડતો તેને સમાધિ થઈ જતી અને ધામમાં ભગવાનની મૂર્તિના દર્શન થતાં.

આમ, શ્રીજીમહારાજે પોતાના સંબંધમાં આવેલ જડ વસ્તુ દ્વારા પણ અનેક લોકોને સમાધિ કરાવી છે.

સંતો ગામડે ફરવા જતા હતા એટલે મહારાજને દંડવત્ કરી પગે લાગીને કહ્યું : "હે મહારાજ ! અમે શી વાતો કરીએ ?" ત્યારે મહારાજ કહે : "મહાપુરુષો ! લ્યો, આ હાર, તે વાતું કરશે." પછી સંતોએ તે હાર લઈને એક કપડામાં વીંટ્યો ને ગામડે ફરવા ગયા. ત્યાં જે ગામમાં જાય ત્યાં પ્રથમ કીર્તન-ભક્તિ કરે એટલે ગામના સૌ લોકો ભેગા થાય. પછી સંતો પોટલીમાંથી હાર કાઢીને તેના સૌને દર્શન કરાવે અને દર્શનમાત્રથી સૌને સમાધિ થઈ જાય ને અક્ષરધામમાં જાય. સમાધિમાંથી જાગીને સંતોને પગે લાગીને કહે : : "મહારાજ ! તમે જ ભગવાનના સાધુ છો, માટે અમને વર્તમાન ધરાવો." એમ જડ વસ્તુમાં ચૈતન્ય મૂકીને શ્રીજીમહારાજે અનેકને સમાધિ કરાવીને પોતાના ધામ તથા ધામના ઐશ્વર્યો બતાવીને સત્સંગી કર્યા છે.

જેમ સમગ્ર દુનિયાભરના અંધકારને નષ્ટ કરવાની જવાબદારી અને કીર્તિ સૂર્યના શિરે છે તેમ ભગવાન શ્રીહરિ ધામમાં ગયા પછી સંપ્રદાય ઉપર આવેલા અનેકો અંધકારના ઝૂંડને નષ્ટ કરી આ સંપ્રદાયની કીર્તિને ચોમેર ફેલાવી, સર્વોપરી ઉપાસના તો એવી ધરબી કે તે પાયા છેક પાતાળ સુધી પહોંચાડ્યા એવા યોગમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી શ્રીજીમહારાજનું અગિયારમું લક્ષણ બતાવતા કહે છે :-

### અસાધારણ લક્ષણ : ૧૧

'देशान्तरेऽपि जन ऐत्य च कश्चनैतल्-
लीलास्वरूपविषयां विदधाति वार्ताम् ।
श्रुत्वैति तां जनगणो ननु दिव्यभावम्
एकादशं त्विदममुष्य सुलक्ष्म वेद्यम् ।।१५।।'

**અર્થ :** જેમની લીલા અથવા વાત સાંભળવાથી જ લોકોને દિવ્યભાવ અનુભવાય છે તે સર્વોપરી શ્રીજીમહારાજનું **અગિયારમું લક્ષણ** જાણવું.

કોઈ વ્યક્તિ કેવળ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળે તો પણ તેને સમાધિ થઈ જતી. શ્રીજીમહારાજના નામ અને તેમની વાતમાં એક અનોખો જ અદ્ભુત ચમત્કાર હતો. ભગવાન શ્રીહરિનો મહિમા, કીર્તિ સાંભળીને લોકોને મહારાજમાં સહેજે હેત થતું. કોઈ જગ્યાએ તો શ્રીજીમહારાજનું નામ બોલાય ત્યાં તેજ તેજ છવાઈ જતું.

નૃસિંહાનંદ સ્વામી પૂર્વ દેશના કોઈ મંદિરમાં સાધુબાવાની જમાત ભેગા રહેતા ને મંદિરમાં દેવોની સેવાપૂજા કરતા. આ બાજુ સરધારમાં શ્રીજીમહારાજે પોતાનો અલૌકિક પ્રતાપ ભક્તોને બતાવેલો તે જોઈને બે સાધુ બાવા ફરતાં ફરતાં તે જ મંદિરમાં આવી પહોંચ્યા ને ભગવાન શ્રી સ્વામિનારાયણના મહિમાની વાતો પરસ્પર કરતા હતાં. વાતો કરતાં કરતાં જ્યાં 'સ્વામિનારાયણ' નામ આવે ત્યારે અંદર મંદિરમાં પૂજા કરતા નૃસિંહાનંદ સ્વામીને મૂર્તિમાંથી અપાર તેજ નીકળતું દેખાય અને પાછું સમાઈ જાય. આમ અનેકવાર 'સ્વામિનારાયણ' નામ આવ્યું અને અનેકવાર મૂર્તિમાંથી તેજ નીકળ્યું ને પાછું સમાઈ ગયું. આ આશ્ચર્ય જોઈને નૃસિંહાનંદ સ્વામીને નિશ્ચય થઈ ગયો કે "સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે." આટલો જ વિચાર તેમને છેક ગઢપુર શ્રીજીમહારાજ પાસે ખેંચી લાવ્યો ને ગઢપુર આવીને તેઓ મહારાજના સાધુ બન્યા ને 'નૃસિંહાનંદ સ્વામી' નામ ધારણ કર્યું.

આવી જ રીતે સ્વયંપ્રકાશાનંદ સ્વામીને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામ સાંભળતા પ્રકાશ દેખાણો ને મનમાં નક્કી ઠેરાવ્યું કે 'સ્વામિનારાયણ' સર્વોપરી ભગવાન છે. પછી ગઢપુર આવી તેઓ શ્રીજીમહારાજ પાસે પરમહંસ દીક્ષા લઈને જીવનપર્યંત રહ્યાં.

દૂર દૂર રાજસ્થાનમાં રાજરાણી ઝમકુબાએ કેવળ ભગવાન શ્રીહરિનું નામ અને ગુણાનુવાદ સાંભળ્યા અને તેઓની વૃત્તિ મહારાજમાં ખેંચાણી. દોમદોમ સાહ્યબી ને રાજ્યનો ત્યાગ કરી તે રાજરાણી ગઢપુર આવીને દાદાખાચરના દરબારમાં સાંખ્યયોગી ભેળા વાસીદું વાળવા લાગ્યાં.

આજ વાત ભગવાન શ્રી સ્વામિનારાયણના કેવળ નામ, ગુણ કે વાતોમાં કેટલો ચમત્કાર હતો તે સાબિત કરી આપે છે કે, જે કોઈ પણ સાંભળે તેને ભગવાન શ્રીહરિની મૂર્તિમાં આકર્ષણ થઈ જતું.

શ્રીજીમહારાજના સ્વધામગમન પછી ૨૨ વર્ષ સુધી આ પૃથ્વી ઉપર પંચભૌતિક દેહ રાખીને સેંકડો ચમત્કારો બતાવી હજારો મુમુક્ષુઓને મોક્ષના અધિકારી કર્યા છે એવા અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ભગવાન શ્રીહરિનું નવમું લક્ષણ વર્ણવતા કહે છે :-

## અસાધારણ લક્ષણ : ૧૨

'जीवेश्वरप्रकृतिपुंनिकराश्च मूल-माया
महापुरुष एव तथाऽक्षराख्याः ।
मुक्तास्तथा वरतराक्षरधामवासी
सर्वेश्वरोऽक्षरपरः पुरुषोत्तमोऽसौ ।।१६।।
तेषां निरूपणमयं बहुभेदयुक्तं
लक्ष्मान्वितं स्फुटतरं च पृथक् पृथग्वै ।
धार्मिः करोत्यथ विभूतियुतानि
तेषां रूपाणि दर्शयति चैव जनाननेकान् ।।१७।।
स्वस्मादुपेत्य सदिदं वयुनं स्वभक्ता
विस्तारयन्ति ननु भूरिजनेषु भूमौ ।
सद्वादशं भगवतोऽस्य सुलक्ष्म चैतज् ज्ञेयं
हि सज्जनगणैरनुवर्ण्यमानम् ।।१८।।'

**અર્થ** : જે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ - આ પાંચ ભેદના જ્ઞાનનું સ્પષ્ટ નિરૂપણ કરે છે તથા ઐશ્વર્ય સહિત તેમના સ્વરૂપ બીજાને દેખાડે છે; અને આ જ્ઞાન પોતાના ભક્તો દ્વારા ઘણા મનુષ્યોમાં પ્રવર્તાવે છે તે ભગવાન શ્રી સ્વામિનારાયણનું **બારમું લક્ષણ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન વિદ્વાનો, મઠાધીશો, વિવિધ સંપ્રદાયોના ધર્માચાર્યો આદિક સર્વેને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - આ પાંચ તત્ત્વ સંબંધી પ્રશ્નો પૂછતા. પરંતુ સાત વર્ષના વિચરણ દરમ્યાન ક્યાંય પણ પોતાના મનને સમાધાન થાય તેવો ઉત્તર મળ્યો નહિ. અને છેવટે ગુજરાતમાં લોજપુર ગામે મુક્તાનંદ સ્વામીએ કાંઈક સંતોષકારક ઉત્તરો આપ્યા અને ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

શ્રીજીમહારાજે ગઢડા અંત્ય ૧૦માં વચનામૃતમાં પોતાનો સિદ્ધાંત જણાવ્યો છે કે, "...વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે...."

એમાં જીવ અને ઈશ્વર બંને અનંત અને માયાધીન છે. તેમણે માયાથી પર થવા માટે બ્રહ્મના સાધર્મ્યપણાને પામીને પરબ્રહ્મની ઉપાસના કરવાની રહે છે.

ભગવાન શ્રીહરિએ પોતાના રચેલા, રચાવેલા શાસ્ત્રોમાં જીવ, ઈશ્વર અને માયાના તત્ત્વોનો વિચાર કરતા બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વોના વિચારને વધારે પ્રાધાન્ય આપ્યું છે. (આ વિશિષ્ટાદ્વૈત સંબંધી જ્ઞાનને આપણે 'શ્રી સ્વામિનારાયણ ચિંતન સામયિક, જાન્યુઆરી - ૨૦૧૦'માં સવિસ્તારથી જોઈ ગયા છે, તેથી અહિં વિસ્તાર કરીશું નહિ.)

જીવાત્માનું સ્વરૂપ વર્ણવતા ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીમાં લખે છે :-

'हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ।।'

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો. (શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૫)

આ જ વાતને સરળતાથી દૃષ્ટાંત આપીને સમજાવતા ગઢડા અંત્ય પ્રકરણના ૪થા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : "...જેમ દેહને વિષે અન્નાદિક રસનો વિકાર વીર્ય છે તેમ પંચમહાભૂતના વિકારરૂપ એવું એક હૃદયને વિષે માંસનું ચક્ર છે, તેને વિષે જીવ રહ્યો છે. તે જેમ ચીંથરાનો કાકડો હોય તેને તેલે પલાળીને અગ્નિએ સળગાવ્યો હોય તેમ જીવ છે તે તે માંસના ચક્ર સંઘાથે વળગીને રહ્યો છે. અને વળી જેમ લોઢાનો ખીલો હોય તેને વિષે અગ્નિ વ્યાપી રહ્યો હોય તેમ માંસના ચક્રને વિષે જીવ જે તે વિશેષ સત્તાએ કરીને વ્યાપી રહ્યો છે અને સામાન્ય સત્તાએ કરીને બધા દેહને વિષે વ્યાપી રહ્યો છે. માટે જે જે ઠેકાણે દેહમાં દુઃખ થાય છે તે સર્વ દુઃખ જીવને જ છે પણ દેહનાં સુખદુઃખ થકી એ જીવ જુદો ન કહેવાય..."

"...અને જેમ મંદિરને વિષે એક સ્થળમાં દીવો મૂક્યો હોય તે દીવાના અગ્નિની જ્યોતિ વિશેષે કરીને તો વાટયને વિષે વ્યાપી રહી છે અને સામાન્યપણે કરીને તો બધા ઘરને વિષે વ્યાપી રહી છે તેમ જીવાત્મા છે તેપણ વિશેષે કરીને તો પંચમહાભૂતના વિકારરૂપ જે માંસનું ચક્ર તેને વિષે વ્યાપીને રહ્યો છે અને સામાન્યપણે કરીને તો બધા દેહમાં વ્યાપીને રહ્યો છે, એવી રીતે આ દેહને વિષે જીવ રહે છે..."

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ જીવાત્માના સ્વરૂપનું જે વર્ણન કર્યું છે તેને નીલકંઠ વર્ણી સ્વરૂપે શ્રીજીમહારાજે માન્ય કરેલ છે તેને જોઈએ :-

'स्थूलादिदेहत्रितयमानखादाशिखं च यः ।
व्याप्येन्द्रियान्तःकरणैः करोति विविधाः क्रियाः ।।२७।।
अजो नित्यः शाश्वतश्च निरंशश्च प्रकाशकः ।
सोऽच्छेद्यादिगुणो ज्ञेयो जीवात्मा वर्णिसत्तम! ।।२८।।'

**અર્થ** :- "હે વર્ણીન્દ્ર ! જે જીવાત્મા છે તે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરમાં નખથી શિખા પર્યંત વ્યાપીને રહેલો છે. ચક્ષુ, મન આદિ બાહ્ય અને આંતર ઈન્દ્રિયો દ્વારા અનેકવિધ

ક્રિયાને કરનારો છે. અજન્મા છે. અનાદિ છે. નિત્ય છે. નિરંશ છે. સર્વનો પ્રકાશક છે. તેમજ અછેદ્ય, અભેદ્ય વગેરે લક્ષણોથી સંપન્ન છે.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૨૭-૨૮)

જીવાત્માના સ્વરૂપને જાણ્યા પછી હવે શ્રીજીમહારાજે પ્રબોધ કરેલ અને પ્રતિપાદિત કરેલ ઈશ્વરના સ્વરૂપને જાણીએ :-

'देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान् ।
करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥२१॥'

જે ઈશ્વર છે તે વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ શરીરમાં અન્વયપણે પ્રવેશ કરીને રહ્યા છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ છે અને સર્વજ્ઞ છે.

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૨૯)

ઈશ્વરનું વર્ણન કર્યા પછી માયાનું લક્ષણ જાણીએ :-

ભગવાન શ્રી સ્વામિનારાયણ **માયાનું સ્વરૂપ** વર્ણવતાં શિક્ષાપત્રીમાં લખે છે :-

'त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्मायाऽवगम्यताम् ॥'

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયાને જાણવી. (શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૬)

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પણ એ જ કહે છે :-

'जन्मक्षेत्रं च जीवानामनादिश्चिज्जडात्मिका ।
तमोमयी हरेः शक्तिः कार्यकारणरूपिणी ॥
गुणत्रयात्मिका चाजा या चोक्ताऽज्ञानसंज्ञिका ।
सा मायेति त्वया ज्ञेया यां तरन्त्याश्रिता हरेः ॥'

**અર્થ :-** ''માયા જીવાત્માની ઉત્પત્તિ (અર્થાત્ જન્મ)ના ક્ષેત્રરૂપ છે. અનાદિ છે. જડચિદાત્મક છે. ગાઢ અંધકારરૂપ છે. ભગવાન શ્રીહરિની શક્તિ સ્વરૂપા છે. કાર્યકારણ સ્વરૂપા છે. ત્રિગુણાત્મિકા છે. અજન્મા છે. અજ્ઞાન સ્વરૂપા છે. આ પ્રકારની જે માયા તેને ભગવાન શ્રીહરિનો આશ્રય કરનારા જ તરી શકે છે.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૩૦-૩૧)

શ્રી રામાયણના 'અરણ્યકાંડ'માં પ્રભુ શ્રી રાઘવ લક્ષ્મણજીને કહે છે :- હે લક્ષ્મણ !

**'મૈં અરુ મોર તોર તૈં માયા ।
જેહિં બસ કીન્હે જીવ નિકાયા ॥
ગો ગોચર જહઁ લગિ મન જાઈ ।
સો સબ માયા જાનેહુ ભાઈ ॥'**

''હું અને મારું, તું અને તારું - આ જ માયા છે, જેણે સર્વ જીવોને વશ કર્યા છે તેમજ ઈન્દ્રિયોના વિષયો અને મન જ્યાં સુધી જાય છે તે સમગ્રને તું માયા જાણ.''

ગઢડા પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં શ્રીજીમહારાજ માયાનું સ્વરૂપ સમજાવતા કહે છે : ''...ભગવાનનો ભકત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ...''

આમ, માયા જીવાત્માને માટે અતિ દુઃખદાયક છે અને ભગવાનથી વિમુખ કરાવનારી છે. પરંતુ આથી વિપરીત લોયા પ્રકરણના ૧૦માં વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે : ''...જેમ યમરાજાનું જે રૂપ તે પાપી જીવને અતિ ભયાનક, વિકરાળ જણાય છે તથા મોટા મોટા દાંત ને મોટું મુખ ભયાનક દેખાય છે તથા કાજળ જેવું કાળું અને પર્વત જેવું મોટું ને કાળ જેવું ભયાનક, એવું દુઃખરૂપ દેખાય છે. અને પુણ્યવાળા જે જીવ તેને તો તે યમરાજાનું રૂપ અતિશય સુખદાયી, વિષ્ણુના જેવું જણાય છે; તેમ માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે ને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશય સુખદાયી છે અને માયાનાં કાર્ય જે ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે સર્વે ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે. માટે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી, પરમ સુખદાયી છે...''

આમ, જેને ભગવાનનો દૃઢ આશરો છે તેને માયા દુઃખ દેવા સમર્થ થતી નથી. આ જ વાત તેજ વચનામૃતમાં શ્રીજીમહારાજ કરતા કહે છે : ''...જેના જીવને વિષે એવા આશરામાં કાંઈ કાચ્યપ હોય, તેને એ માયા ડગાવે છે ને દુઃખ દે છે અને જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ નહિ થાય...''

એટલે જ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે કે -

**'જીન પર ક્રિપા હોય તુમ્હારી, સો જન ઉતરે પારી;
બ્રહ્માનંદ શરનમેં આયો, લીજીએ મોયે ઉગારી.
અહો પ્રભુ ! અચરજ માયા તુમ્હારી.૦'**

માયાનું વર્ણન કર્યા પછી હવે બ્રહ્મનું લક્ષણ જાણીએ :-

બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વોનો વિચાર શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનનું આગવું પાસું છે.

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી બ્રહ્મનું લક્ષણ વર્ણવતા કહે છે :-

'सत्यं ज्ञानमनन्तं च पूर्णं चाखण्डमक्षरम् ।
धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥३२॥

शुद्धं नित्यं चाविकारी मायादीनां प्रकाशकम् ।
तद्ब्रह्मेति विजानीहि सर्वाधारतया मतम् ॥३३॥'

**અર્થ :-** ''બ્રહ્મ સત્યસ્વરૂપ છે. ચિદ્સ્વરૂપ છે. અનંત સ્વરૂપ છે. અખંડ સ્વરૂપ છે. ક્ષરણ સ્વભાવ રહિત હોવાથી જેને અક્ષર કહે છે. તે બ્રહ્મ મૂર્તસ્વરૂપથી ભગવાન શ્રીવાસુદેવની સેવામાં રહે છે અને અમૂર્ત સ્વરૂપથી ધામ રૂપે રહ્યું છે. શુદ્ધ છે. નિત્ય છે. અવિકારી છે. માયા વગેરેને પ્રકાશનાર છે તેમજ સર્વનું આધાર છે.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૩૨-૩૩)

શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયમાં 'किं तद् ब्रह्म ?' (શ્લોક-૧) એ પ્રશ્નનો 'अक्षर परमं ब्रह्म' (શ્લોક-૮) એમ ઉત્તર આપ્યો છે.

પ્રકૃતિપુરુષ અને સર્વમુક્તોથી પર અક્ષર છે. તેથી 'પર' શબ્દ પ્રયોજ્યો છે.

આ અક્ષરબ્રહ્મ એ જીવકોટિમાંથી મુક્ત થયા નથી પણ અનાદિ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૩માં અધ્યાયમાં કહે છે :- 'अनादि मत्परं ब्रह्म' (શ્લોક-૧૩) એટલે 'જે તત્ત્વથી પર એકમાત્ર હું જ છું, તે બ્રહ્મ અનાદિ છે.' અત્રેનો શ્લોક તથા તે પછીના છ શ્લોકો અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ગીતાભાષ્યમાં અક્ષર ઉપર જ ઘટાવે છે.

આ અક્ષર એ ભગવાનને રહેવાનું ધામ છે તેમ મુંડકોપનિષદ કહે છે :- 'स वेद तत्परमं ब्रह्मधाम' (૩/૨/૧).

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં (૩/૧૧/૪૦-૪૩) પણ અક્ષરને સર્વકારણનું કારણ અને ભગવાનનું ધામ વર્ણવ્યું છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમાં અધ્યાયમાં 'यदक्षरं वेदविदो वदन्ति' (શ્લોક-૧૧) એમ કહી અક્ષરનો જ ભગવાનનું ધામ કહ્યું છે.

'બ્રહ્મ' શબ્દ શાસ્ત્રમાં અક્ષર પરક તો ક્યારેક પરબ્રહ્મ પરક વપરાયો છે. જેમ કે, મુંડકોપનિષદ કહે છે : 'अक्षरात् परतः परः ।' (૨/૧/૨) અર્થાત્ પ્રકૃતિપુરુષથી પર એવું જે અક્ષર અને તેથી પર પુરુષોત્તમ છે. 'एकमेवाद्वितीयं ब्रह्म' (છાંદોગ્યોપનિષદ : ૬/૨/૧) એ શ્રુતિ પણ નારાયણ જેવા તો એક નારાયણ છે એમ કહે છે. અહીં બ્રહ્મ એટલે પરબ્રહ્મ સમજવા.

શાસ્ત્રકારો બહુધા બ્રહ્મ અને પરબ્રહ્મના સૂક્ષ્મ ભેદને યથાર્થ સમજી શક્યા નથી.

આ ચર્ચા ગઢડા મધ્ય પ્રકરણના ૩૧માં વચનામૃતમાં કરવામાં આવી છે : ''...શુકમુનિએ પૂછ્યું જે, ''પુરૂષોત્તમ વાસુદેવ છે તે પુરૂષરૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે. માટે પુરૂષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેમ આ જીવને વિષે ને વૈરાજપુરૂષ–ઈશ્વરને વિષે ભેદ છે અને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરૂષને વિષે ભેદ છે, તેમ પુરૂષ ને પુરૂષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમવાસુદેવ તો સર્વના સ્વામી છે. અને એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે, તે જે તે વાસુદેવનાં ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે...''

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકવાર બ્રહ્મ અને સ્વયં પરબ્રહ્મ વચ્ચે સ્વામી-સેવકપણાનો ભેદ બતાવ્યો છે.

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી 'બ્રહ્મસૂત્રભાષ્યરત્નમ્'માં જણાવે છે :-

'अथाक्षरब्रह्मलक्षणानि-अक्षरब्रह्मणःसंज्ञास्त्रयः सन्ति ।
तत्राद्यंप्रकृतिसंबंधरहितं पुरुषोत्तमस्य निवासभूतमक्षरब्रह्माभिधं ब्रह्मपुरं धाम बोध्यं ।।१।।
पुरुषोत्तमोपासकं तद्घामस्थं मुक्तकोटिवृन्दं च ।।२।।
पुरुषोत्तम स्वेच्छया ब्रह्माँडोतपादकः
प्रकृत्यधिष्ठाताऽक्षरपुरुषश्च ।।३।।
प्रमाणभूता श्रुतिस्मृतयः ।'

**અર્થ :-** અક્ષરબ્રહ્મના લક્ષણો કહે છે - જેની ત્રણ સંજ્ઞાઓ છે તેવું અક્ષરબ્રહ્મ છે, પ્રથમ પ્રકૃતિના સંબંધથી રહિત, પૂર્ણ પુરુષોત્તમના નિવાસસ્થાનભૂત એવું અક્ષરબ્રહ્મ નામે ઓળખાતું તેને બ્રહ્મપુર નામે ધામ કહેવાય છે. ॥૧॥

બીજું : પુરુષોત્તમના જે ઉપાસક અને તેના ધામમાં રહેલા મુક્તકોટિના વૃંદ. ॥૨॥

અને પુરુષોત્તમની ઈચ્છાથી અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ કરનારા પ્રકૃતિના અધિષ્ઠાતા અક્ષરપુરુષ છે. ॥૩॥

તેમાં પ્રમાણભૂત શ્રુતિ-સ્મૃતિઓ છે ॥૧૪॥

આ ઠેકાણે પ્રથમ શ્લોકમાં અક્ષરધામ કહેલું છે, બીજા શ્લોકમાં ભગવાન શ્રીહરિના ઉપાસક અક્ષરધામમાં રહેલા મુક્ત કહેલા છે. અને ત્રીજા શ્લોકમાં પ્રકૃતિના પતિ મહાપુરુષને કહેલા છે.

'द्वितीयं तु स्वयं कृष्णः सर्वकारणकारणम् ।
अक्षरात्पर इत्युक्तो दिव्याङ्गश्चेति बुध्यताम् ।।५३।।'

જ્યાં બે બ્રહ્મ શબ્દ કહ્યા હોય - જેમ કે મુંડકોપનિષદમાં તૃતીય મુંડકના બીજા ખંડમાં 'स वेद तत्परमं ब्रह्मधाम' (૩/૨/૧) એવું અને 'स यो ह वै तत्परमं ब्रह्म' એવું વચન છે.

તેમાં પ્રથમનો બ્રહ્મ શબ્દ અક્ષર નામના બ્રહ્મધામને જાણવું. અને બીજો તો આ 'अक्षरात्परतरः परः ।' અક્ષર થકી પરપણે શ્રુતિએ કહેલા છે. તે સર્વેના કારણના પણ કારણ સદાય દિવ્ય સાકારમૂર્તિ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ અક્ષરના કારણ જાણવા. ।।૫૩।। (સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી રચિત 'બ્રહ્મસૂત્રભાષ્યરત્નમ્')

આમ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મ અને પરબ્રહ્મને વિષે સ્વામિ-સેવકપણાનો ભેદ સ્વીકારાયો છે. તે જ વિશિષ્ટાદ્વૈત મત છે.

ગ. પ્ર. ૨૧, ૬૩, ૬૪, ૭૧ - લોયા - ૧૨, ૧૩ અને ગ. મ. ૩ વગેરે વચનામૃતોમાં શ્રીજીમહારાજે બ્રહ્મ-પરબ્રહ્મના ભેદનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

બ્રહ્મનું કિંચિત્ નિરૂપણ જાણ્યા પછી હવે પરબ્રહ્મનું લક્ષણ જાણીએ :-

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનમાં સ્વીકારાયેલા પાંચ નિત્ય તત્ત્વોમાં સૌથી મહત્ત્વનું અને સર્વોપરી તત્ત્વ જો કોઈ હોય તો તે પરમ તત્ત્વ 'પરબ્રહ્મ' જ છે. મુક્તિ માર્ગના પરમપુરુષાર્થમાં સાધ્ય પમ એ જ છે અને સાધન પણ એ જ છે. સાધનામાર્ગમાં આ પરબ્રહ્મ તત્ત્વ તે એકડો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું જીવ, ઈશ્વર, માયા બ્રહ્મ અને પરબ્રહ્મ - આ પંચભેદનું વૈદિક તત્ત્વજ્ઞાન એ વિશિષ્ટ તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ મૌલિક પ્રદાન છે. તેથી જ ભગવાન શ્રીહરિએ સ્થાપેલ સંપ્રદાય એ 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય' છે પણ પંથ કે વાડો નથી. સંપ્રદાય પાસે જો પાતોનું આગવું વિશિષ્ટ તત્ત્વજ્ઞાન ન હોત તો, આ સંપ્રદાય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ન ઓળખાત. પરંતુ તે કોઈ પંથ કે વાડો અથવા કોઈ બાપુની જગ્યા જ બની જાત.

આજ સુધીના વિશ્વના તમામ ધર્મો કે સંપ્રદાયના તત્ત્વજ્ઞાન સામે દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે કોઈક ચોવિસ તત્ત્વો, જીવ સાથે સમ્મિલિત માને છે અને ઈશ્વર એટલે પરબ્રહ્મને પચ્ચીસમાં તત્ત્વ તરીકે માને છે. અને કોઈક તો ચોવિસ તત્ત્વો અને પચ્ચીસમાં જીવ અને છવ્વીસમા ઈશ્વરને માને છે. તેથી પરબ્રહ્મના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થપણે કોઈપણ સમજી શકતું નથી. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાનું આગવું વિશિષ્ટ તત્ત્વજ્ઞાન પ્રસ્તુત કર્યું. તમામ તત્ત્વો કરતા પર અક્ષરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મથી પર પરબ્રહ્મ તત્ત્વ સર્વોપરી તત્ત્વ છે. એ વિશિષ્ટ જ્ઞાન એટલે 'વિશિષ્ટાદ્વૈત.'

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પરબ્રહ્મનું લક્ષણ જણાવતા કહે છે :-

'नारायणो वासुदेवः स्वतन्त्रः स्वप्रकाशकः ।
आनन्ददिव्यमूर्तिश्च विष्णुः कृष्णोऽच्युतोऽव्ययः ।।३४।।
सर्वज्ञः सत्यसङ्कल्पः सर्वकर्मफलप्रदः ।
अन्तर्यामी सर्वशक्तिसेवितः परमेश्वरः ।।३५।।
सर्वत्रैवान्वितः शक्त्या व्यतिरिक्तः स्वतः स्थितः ।
नियन्ता कालमायादेः सर्वकारणकारणम् ।।३६।।
परमात्मेति यत्प्राहुस्तत्परंब्रह्म कथ्यते ।
उपासनीयं सर्वेषामेतदेव मुमुक्षताम् ।।३७।।'

**અર્થ** :- "વેદો જેને નારાયણ શબ્દથી કહે છે. (नराणाम् अक्षरधामस्थमुक्तपुरुषाणां समूहो नारं तदयते क्रीडनार्थं प्राप्नोति इति नारायणः । અર્થાત્ 'નર' સંજ્ઞાવાળા જે અક્ષરધામનિવાસી મુક્ત પુરુષો તેના સમૂહને 'નાર' કહેવાય છે. તેમના આનંદને અર્થે જે 'અયતે' એટલે કે તેમને પ્રાપ્ત થાય છે. માટે નારાયણ કહેવાય છે.) તે પરબ્રહ્મ સ્વતંત્ર છે. સ્વયં પ્રકાશમાન છે. સમગ્ર જગતમાં વ્યાપકપણે નિવાસ કરે છે. માટે વાસુદેવ કહે છે. તેમજ વિષ્ણુ કહે છે. એજ પરબ્રહ્મ સદા આનંદમય દિવ્યમૂર્તિવાળા હોવાથી કૃષ્ણ કહ્યા છે. સ્વરૂપ, ગુણ, ઐશ્વર્ય વગેરેથી ક્યારેય પણ ચ્યુત નથી થતા માટે અચ્યુત છે. જેમનો વિનાશ નથી માટે અવ્યય છે. સર્વજ્ઞ છે. સત્યસંકલ્પ છે. સર્વને કર્મફળ આપનારા છે. અંતર્યામી છે. સર્વ શક્તિઓથી સેવાએલા છે. પરમેશ્વર છે. જે પોતાની અસાધારણ શક્તિથી સર્વત્ર અન્વયપણે રહ્યા છે તેમ છતાં સ્વયં વ્યતિરિક્ત (ધામમાં મૂર્તિમાન) રહેલા છે. કાળ, માયા વગેરેનાં નિયંતા છે. સર્વકારણના પણ કારણ છે. તેમજ જેને પરમાત્મા કહે છે. એજ પરબ્રહ્મ પરમાત્મા મુમુક્ષુજનોએ ધ્યાન ઉપાસના કરવા યોગ્ય છે." (શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૩૪-૩૭)

'શિક્ષાપત્રી'માં આ પરબ્રહ્મ તત્ત્વને ઈશ્વર તરીકે નિરૂપણ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે :-

'हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ।।'

અને જે ઈશ્વર છે, તે જે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે. ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે, એમ ઈશ્વરને જાણવા.

(શિક્ષાપત્રી - શ્લોક : ૧૦૭)

આ પરબ્રહ્મ તત્ત્વ સર્વથી વ્યતિરિક્ત છે ને સર્વોપરી તત્ત્વ છે તે 'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથમાં બતાવ્યું છે :-

'सर्वत्र कारणत्वेनाऽन्वितोऽस्ति निजतेजसा ।
व्यतिरिक्तश्च धाम्नि स्वे राजतेऽनेकशक्तिभिः ।।'

અર્થ :- જે ભગવાન શ્રીહરિ સર્વેના કારણ છે અને તે પોતાના તેજ રૂપ અનંત અક્ષરદ્વારે એ અન્વય છે અને અનંતશક્તિ જે

અક્ષરરૂપ તેજથી પણ જુદાં વ્યતિરેકપણે રહેલા છે તે અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન પોતે સ્વતંત્રપણે વિરાજમાન છે.

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : ૫૧/૨૨ - વચ. પ્ર. પ્ર. ૫૧)

અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પણ આ વતાને સમર્થન આપતા પોતાની સંસ્કૃત ભાષાની વાતોમાં કહે છે :-

'अथ श्रीजीमहाराजो भगवान्पुरुषोत्तमः ।।२०८।।
अक्षरादिकसर्वेषां नियन्ता च प्रकाशकः ।
स्वशक्त्या तेषु सर्वेषु तिष्ठत्यन्वित आन्तरः ।।२०९।।
तथा सन्नपि सर्वत्र व्यापको निजतः त्रकः ।
स्वयं संतिष्ठते स्वस्य परे धाम्नि परात्परः ।।२१०।।
विद्यात् तां व्यतिरेकं तु परब्रह्मेति वै ततः ।
रूचि तत्रोत्तमां कुर्यात् तन्मूर्तौ मुक्तिगोचरम् ।।२११।।'

અર્થ :- અને અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન છે તે તો અક્ષરાદિક સર્વે મુક્તોના નિયંતા છે અને પ્રકાશક છે અને તે સર્વેમાં શ્રીહરિ પોતાની શક્તિથી અન્વયપણે રહે છે અને પોતાના અક્ષરધામથી પરાત્પર સ્વતંત્ર વ્યતિરેકપણે સાકાર વિરાજમાન રહે છે અને તે ભગવાનની મૂર્તિ મોક્ષસ્વરૂપ છે. તે માટે શ્રીહરિની ઉત્તમ પ્રેમભક્તિ કરવી તે શ્રેષ્ઠ છે.

(સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની સંસ્કૃત વાર્તા : પ્રકરણ-૧, પેજ નં. ૨૪)

આ જ વાતને 'સ્કંધપુરાણ'માં પણ બતાવવામાં આવી છે :-

'स वासुदेवः प्रकृतौ पुंसि कार्येसु चैतयोः ।
अन्वितश्च पृथक्चास्ते सर्वाधीशः स्वधामनि ।।६५।।'

અર્થ :- જે વાસુદેવ ભગવાન પ્રકૃતિ પુરુષને વિષે કે તે બેનું કાર્ય જે અનંત બ્રહ્માંડને વિષે અન્વયપણે વ્યાપીને રહેલા છે, અને તે સર્વેથી વ્યતિરેકપણે એટલે જુદાં પોતાના ધામને વિષે પણ સર્વેના અધીશ્વરપણે સચ્ચિદાનંદ જે બ્રહ્મ તેને વિષે વિરાજમાન છે.॥૬૫॥

(અને અગ્નિ, વરુણ, સૂર્ય એ જેમ પોતાના અંશ વડે આ લોકમાં પ્રકાશરૂપે વ્યાપીને રહેલા છે. અને તે તે દેવ પોતપોતાના લોકને વિષે સર્વેથી જુદાં સાકાર મૂર્તિમાન રહેલા છે.)

(શ્રી સ્કંધપુરાણ, વિષ્ણુખંડ, શ્રી વાસુદેવ માહાત્મ્ય : અધ્ય.-૨૪)

અનાદિથી જીવ સાથે વળગેલ અજ્ઞાન-વાસના-સ્વભાવના બંધનોમાંથી મુક્ત થવા, જીવનું આંત્યતિક કલ્યાણ કરવા અને છતે દેહે જ જીવનમુક્ત સ્થિતિની અનુભૂતિ માટે અર્થાત્ આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે 'પરબ્રહ્મ' તત્ત્વના સ્વરૂપનું જ્ઞાન કેવળ આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય છે. એવી સમજણ ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં વારંવાર આપી છે. શ્રીજીમહારાજ પોતેજ પોતાના દિવ્ય વચનોથી કહે છે : "તત્ત્વ કરીને ભગવાનનું સ્વરૂપ જાણ્યા પછી તેને કાંઈ જાણવું રહેતું નથી." (વચ. ગ. ...)

ભગવાન શ્રીહરિએ સર્વે શાસ્ત્રોના સાર-સિદ્ધાંત-રહસ્યરૂપ જે ઉપદેશ આપ્યો છે તે આપણને 'વચનામૃત'રૂપે પ્રાપ્ત થયેલ છે. સર્વે શાસ્ત્રોના સાર ઉપરાંત શ્રીજીમહારાજે પોતાના સર્વોપરી સ્વરૂપની જે વાતો કરી છે એ પણ આપણને વચનામૃતમાંથી મળી શકે તેમ છે.

તેથી જ કઠોપનિષદની શ્રુતિ કહે છે :-

'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेने लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ।।'

અર્થાત્ પ્રવચનો કરવાથી, તીવ્ર બુદ્ધિથી કે બહુ સાંભળવાથી આ આત્મા-પરમાત્માનું જ્ઞાન થતું નથી. પણ તેઓ જેને પસંદ કરે છે તેને જ થાય છે. તેઓ તેની આગળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. (કઠોપનિષદ : ૧/૨/૨૩)

આમ, શ્રીજીમહારાજે કૃપા કરીને અનંત જીવાત્માઓને જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વનું જ્ઞાન સરળ રીતે કરાવ્યું તે જ તેમનું અવતારીપણાનું બારમું લક્ષણ છે.

અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ભગવાન શ્રી સ્વામિનારાયણનું તેરમું લક્ષણનું વર્ણન કરતા કહે છે :-

## અસાધારણ લક્ષણ : ૧૩

'स्वस्याभवन्निह पुरा भुवि येऽवतारा -
स्ते लीनतां निजतनौ सकला व्रजेयुः ।
मूर्तिर्निजा तु किल कुत्र च नावतारे
लीनत्वमुत्तमगुणा ह्यतुला न यायात् ।।१९।।
ऐश्वर्यमित्थमतुलामवतारितां स्वां
स्वीयान् विबोधयितुमत्र दयापयोधिः ।
भक्तान् प्रदर्शयति कांश्चिदसौ समाधौ
ज्ञेयं त्रयोदशममुष्य सुलक्ष्म चैतत् ।।२०।।'

**અર્થ** : પૃથ્વી ઉપર પહેલા થઈ ગયેલા તમામ અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરવા છતાં પણ પોતે કોઈ અવતારમાં લીન ન થાય તે દયાના સાગર સર્વોત્તમ, સર્વના કારણ, સર્વ-કર્મફળપ્રદાતા ભગવાન શ્રી સ્વામિનારાયણનું **તેરમું લક્ષણ** જાણવું.

સંપ્રદાયનો ઈતિહાસ પ્રસિદ્ધ છે કે શ્રીજીમહારાજે જ્યારે માંગરોળ, કાલવાણીમાં સમાધિ પ્રકરણ શરુ કર્યું ત્યારે મતપંથીઓ, શક્તિપંથીઓ, કૂંડાપંથીઓ, નાસ્તિકો, શુષ્કવેદાંતીઓ આદિક કોઈપણ દેવ-દેવીની ઉપાસનાવાળા મનુષ્યો આવે તેને સમાધિ કરાવતા અને સમાધિમાં તેને શ્રીજીમહારાજના સ્વરૂપમાં પોતપોતાના ઈષ્ટદેવના દર્શન થતાં ને થોડીવાર પછી તે અવતારસ્વરૂપ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ જતું ને એક ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ દેખાતું. આવો પ્રતાપ જોઈને અનેક જીવાત્માઓ શ્રીજીમહારાજના આશ્રિત થતા હતાં.

સં. ૧૮૬૧માં જ્યારે સરધારમાં પધાર્યા ત્યારે પણ આવો અદ્‌ભુત પ્રતાપ ભગવાન શ્રીહરિએ બતાવ્યો હતો. તે દિવસ જન્માષ્ટમી હતો. શ્રીજીમહારાજ સરધારમાં પધાર્યા ત્યારથી જ આખાય ગામમાં મતપંથીઓ તેમજ વિધવિધ દેવી-દેવતાઓને માનરા લોકો ભગવાન શ્રીહરિ તરફ આકર્ષાયા હતા. શ્રીજીમહારાજનું આકર્ષણ જ એવું હતું કે મને-કમને પણ લોકો તેમના તરફ આકર્ષાઈ જતા. તેથી શ્રીકૃષ્ણ જન્મોત્સવનો મહોત્સવ જ્યાં ઉજવાય રહ્યો હતો ત્યાં શ્રીજીમહારાજના સાંન્નિધ્યમાં ગામના હજારો માણસો ભગવાન શ્રીહરિના દર્શન કરવા ઉમટેલા. રાત્રે શ્રીકૃષ્ણ જન્મોત્સવ પછી આરતીમાં સૌએ એક આશ્ચર્ય જોયું. શ્રીજીમહારાજના સ્વરૂપમાં તેમને શ્રીકૃષ્ણનું સ્વરૂપ દેખાયું. સૌની ઈન્દ્રિયોનો નિરોધ ભગવાન શ્રીહરિના પ્રગટ સ્વરૂપમાં હતો. તેના ફળરૂપે સૌને આવા દર્શન થયા હતા. ભગવાન શ્રીહરિના મનુષ્ય સ્વરૂપમાં દિવ્યભાવનો નિશ્ચય સૌને થવા લાગ્યો. થોડીવાર કૃષ્ણસ્વરૂપે સૌને દર્શન થયા પછી તે સ્વરૂપ અદૃશ્ય થઈને એક શ્રીજીમહારાજનું જ સ્વરૂપ સૌને દેખાવા લાગ્યું. આમ ઘણીવાર સુધી થયું, તેથી ગામવાસી સૌ લોકોને 'ભગવાન શ્રીહરિ તે જ રામકૃષ્ણાદિક સર્વે અવતારોના અવતારી એકજ છે' એવો નિશ્ચય થઈ ગયો.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ 'ભક્તચિંતામણી'માં ભગવાન શ્રી સ્વામિનારાયણના આ અદ્‌ભુત પ્રતાપનું વર્ણન કરતાં લખે છે :-

**'સહજે સહજે થાય છે સમાધ્ય, જે કોઈ દેવને છે જો દુરાધ્ય;**
**પછી ચલાવ્યું એજ પ્રકરણ, થાય સમાધિ હોય સ્મરણ.**
**બાળ જોબન ને વૃદ્ધ વળિ, થાય ધારણા ને પડે ઢળિ;**
**દ્વિજ ક્ષત્રિ વૈશ્ય શૂદ્ર ચાર, હોય કોઈ નર વળી નાર.**
**પડે નજરે થાય પ્રાણ લિન, મર હોય કોઈ જો મલિન;**
**રામ ઉપાસી રામને દેખે, કૃષ્ણ ઉપાસી કૃષ્ણને પેખે.**
**નૃસિંહ ઉપાસી દેખે નૃસિંગ, દેખે ઈષ્ટ થાય દલે દંગ;**
**શિવ ઉપાસી દેખે શિવને, થાય દર્શન બહુ જીવને.**
**દેવી ઉપાસક દેખે દેવી, આવે ધ્યાનમાં મૂરતી એવી;**
**આવે જૈન દેખે તિર્થંકર, વળી મ્લેછ દેખે પેગાંબર.**
**પીર ઉપાસી દેખે પીરને, વીર ઉપાસી દેખે વીરને;**
**દેખે બ્રહ્મને બ્રહ્મ ઉપાસી, એકરસ ચિદઘન રાશિ.**
**વામન ઉપાસી દેખે વામન, લછમનના દેખે લછમન;**
**દેખે હનુમનના હનુમાન, થાય માર્ગિને ધણીનું ધ્યાન.**
**સૂર્ય ઉપાસી સૂર્ય નિહાળે, ભૈરવ ઉપાસી ભૈરવ ભાળે;**
**એમ આપ આપણા જે દેવ, દેખે ધ્યાનમાંહિ તતખેવ.**
**હોય પાપી તે દેખે કૃત્તાંત, જેવું દેખે કહે તેવું વત્તાંત;**
**કોઈ દેખે છે શેષ ગણેશ, થાય ધારણા એમ હંમેશ.'**

(ભક્તચિંતામણી : ૪૯/૧૧-૧૯)

આમ, સમાધિ દ્વારા પણ શ્રીજીમહારાજે સૌને પોતાના અવતારીપણાની ઓળખ આપેલી છે.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્યપ્રવર પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી પણ ફરેણીમાં શિતળદાસને જ્યારે સમાધિ થઈ ત્યારે સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ તેમને આ વાત સમજાવેલી કે શ્રીજીમહારાજ સર્વે અવતારના અવતારી ભગવાન સ્વયં છે, અને તેમણે પોતાને નજરે નિહાળેલા ભગવાન શ્રીહરિના અદ્‌ભુત ઐશ્વર્ય-પ્રતાપનું વર્ણન કરતા લખે છે :-

**'સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય.**
**એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર;**
**સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૩૨-૩૩)

આમ, અનેક અવતારો શીતળદાસે ભગવાન શ્રીહરિમાં લીન થતા જોયો ને આ પ્રતાપ જોતા જ તેમને શ્રીજીમહારાજનો નિશ્ચય થઈ ગયો ને મહારાજ પાસે સાધુદીક્ષા લઈને 'વ્યાપકાનંદ સ્વામી' નામ ધારણ કર્યું.

ફરેણીમાં શ્રીજીમહારાજે હરિભક્તોને આવું ઐશ્વર્ય બતાવ્યું હતું. તેનો પણ ઉલ્લેખ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કરવામાં આવ્યો છે :-

**'સર્વ શ્રીહરિને જ આધીન, થયા સૌ હરિરૂપમાં લીન;**
**આવું અચરજ દેખી અપાર, જાણ્યા સર્વેશ ધર્મકુમાર.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૪૧)

ગઢડામાં નૃસિંહ ચૌદશના દિવસે ગોપાળાનંદ સ્વામી આદિક સંતો-ભક્તોની ઈચ્છાથી શ્રીજીમહારાજે શ્રી નૃસિંહ, પ્રહ્‌લાદ, શ્રી વામન અને બલિના પ્રત્યક્ષ દર્શન કરાવ્યા તે વખતે શ્રી નૃસિંહ અને શ્રી વામન ભગવાન શ્રીહરિની સ્તુતિ કરે છે :-

**'જે જે બીજા સૌ અવતાર થાય, તમો વિષે લીન થતા જણાય;**
**તમે બીજામાં નહિ લીન થાઓ, સર્વાવતારી જ તમે ગણાઓ.'**

(શ્રીહરિલીલામૃત : ૪/૨૯/૨૦)

આમ, અગાઉ થઈ ગયેલા તમામ અવતારોને શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરીને પાછા પોતાના જ સ્વરૂપમાં લીન કરીને અનેકવાર દેખાડ્યા છે. પરંતુ પોતે કોઈપણ અવતારમાં લીન થતા જ નહિ. આ જ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વાવતારીપણાનું તેરમું લક્ષણ છે.

આ રીતે શ્રીજીમહારાજના કહેવાથી અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ સર્વાવતારીપણાના તેર અસાધારણ લક્ષણો કહ્યા.

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના આ તેર લક્ષણો સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં તથા પ.પૂ. ધ.ધુ.

આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા વિરચિત 'સારોપદેશ'માં પણ આજ અનુક્રમથી આપ્યા છે.

આ તેર લક્ષણોનું વારંવરા વાંચન, મનન કરી ભગવાન શ્રીહરિ સર્વોપરી, સર્વાવતારી, સર્વકારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તે વાતની દૃઢતા કરવી તે આપણા સૌ માટે અતિ આવશ્યક છે. કારણ કે આપણને મળેલા શ્રીજીમહારાજને પુરુષોત્તમ અવતારી જાણ્યા વિના કેવળ તેમનો આશરો કરવાથી કે તિલક-કંઠી ધારણ કરવાથી કે અરે ! છેલ્લી બાકી ભગવા વસ્ત્રો ધારણ કરવાથી પણ અક્ષરધામ મળવું મુશ્કેલ છે. તેની સાક્ષી પૂરતો સંપ્રદાયનો નમૂનારૂપ ઈતિહાસ છે જ અમોઘાનંદ સ્વામીનો !!! જીવનપર્યંત ભગવાન શ્રીહરિ ભેગા રહ્યા, સંસારનો ત્યાગ કરીને મહારાજને માટે અપમાનો સહન કર્યા, તપ કર્યું છતાં પણ શ્રીજીમહારાજને સર્વાવતારી, સર્વોપરી પુરુષોત્તમ ભગવાન જાણવામાં ખામી રહી ગઈ હતી ને બીજા અવતાર જેવા ભગવાન શ્રીહરિને જાણ્યા હતા તો છેવટે દેહ મૂકીને અક્ષરધામ ન મળ્યું ને વૈકુંઠમાં વાસ થયો.

વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ગઢડા મધ્ય પ્રકરણના ૯માં વચનામૃતમાં સ્પષ્ટપણે કહે છે :- "...પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય..."

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરધામમાં જવા માટે અને તેમના દ્રોહમાંથી બચવા માટે તેમને સર્વોપરી જાણવા જ રહ્યા.






આજે જ આપના ઘરમાં વસાવો

ટૂંકા જ સમયમાં ત્રીજી આવૃત્તિનું નૂતન પ્રકાશન...

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા


લેખક :- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

ગ્રંથ-પુસ્તક

ફરેણીમાં ભગવાન શ્રીહરિએ **સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧**ની સભામાં સ્વમુખે **'સ્વામિનારાયણ'** મહામંત્રનો ઉદ્‌ઘોષ કર્યો. ત્યારથી અવિરતપણે સંપ્રદાયમાં સર્વ આબાલવૃદ્ધ અનુયાયી નરનારીઓ આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રના નામનું ભજન સ્મરણ કરે છે. પરંતુ મહામંત્રના જપ સાથે **નામે સહિત નામીનું ભજન** થાય એવા હેતુથી વેદ-શાસ્ત્રોના પ્રમાણો સહિત આ **મહામંત્ર**ના સત્ય અને વાસ્તવિક અર્થને પ્રગટ કરતો ગ્રંથ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા'**

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ સમિતિ - ૨૦૧૦, ગઢપુર


**આ અંકમાં છબીકલા :-** ઈન્ટરનેશનલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ - યુ.એસ.એ., શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત, શ્રી હરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત, જયદિપ ઢાંકેચા - સરધાર, શિવલાલ સુદાણી - બારમણ, પરેશ જાદુગર - આણંદ, જયેશ ટાંક - કાંદિવલી, પિયુશ બોઘાણી - સુરત



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

## પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિદેશોમાં વસતા હરિભક્તોના આમંત્રણને માન આપી, સત્સંગ વૃદ્ધિ, વિકાસ, સદ્ધર્મ અને શ્રીજીમહારાજ સ્થાપિત સિદ્ધાંતોનું **પોષણ** અને **બળ** આપવા માટે અમેરિકાની ધરતી પર **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતમંડળ (પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂદાસજી, પૂ. એસ.પી. સ્વામી, પૂ. સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી, પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, પૂ. સ્વામી રામસ્વરૂપદાસજી, પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજી, પૂ. સ્વામી છપૈયાપ્રકાશદાસજી, પૂ. સ્વામી શ્રી નિર્દોષચરણદાસજી આદિક સંતો) સહિત **તા. ૨૫-૫-૨૦૧૧** થી **તા. ૫-૭-૨૦૧૧** સુધી સત્સંગ પ્રચારાર્થે પધાર્યા હતા.

અમેરિકાના વિવિધ રાજ્યોના શિકાગો, વિસ્કોન્સિન, ડેટ્રોઈટ, ઓહિયો, કેલિફોર્નિયા, ડલાસ, હ્યુસ્ટન, ફલોરીડા, જર્યોજીયા, નોર્થ કેરોલીના, વર્જીનીયા, મેરીલેન્ડ, ન્યૂર્જસી, કનેકટીકટ, પેન્સિલવીલીયા આદિક અનેક વિસ્તારોમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની **સ્વાગત શોભાયાત્રા,** સત્સંગ સભાઓ તથા પધરામણી **પૂર્વઆયોજન પ્રમાણે** ગોઠવાયા હતા. આ સત્સંગ પરિભ્રમણની સાથે વડતાલધામ શિકાગો મંદિરનો ૨૦ વાર્ષિક પાટોત્સવ તેમજ ન્યૂજર્સીને આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં ધામધૂમપૂર્વક અતિ ભવ્યતાથી ઉજવવામાં આવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ખૂબજ વિશાળ સંખ્યામાં **ભાવિક ભક્તો** પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન-અમૃતવાણીનો અનેરો દિવ્ય લાભ લેવા ઉમટતા અને **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના **અપરસ્વરૂપ**ના **દર્શન** કરી **ધન્યતા** અનુભવતા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આ સત્સંગ યાત્રા દરમ્યાન ધર્મકુળ આશ્રિત ઈન્ટરનેશનલ **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ**ના નિષ્ઠાવાન અને **ઉત્સાહી યુવાનો** સાથે રહીને ખૂબજ સેવા કરીને આ યાત્રાને દિપાવી હતી.



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયો **શ્રી સ્વામિનારાયણ મંદિર - વ્હીલીંગ (વડતાલધામ - શિકાગો)**નો

# ૨૦મો વાર્ષિક પાટોત્સવ - ૨૦૧૧


સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પાવનકારી ધરતી પર અગણિત જીવોના ઉદ્ધાર માટે આજ્ઞા-ઉપાસના અને ભક્તિ ચાલુ રહે તેવા શુભ હેતુથી છ મંદિરો નિર્માણ કર્યા તેને અનુલક્ષીને અમેરિકાના શિકાગોના સર્વ હરિભક્તોને સત્સંગનું પોષણ મળી રહે તેવા ઉમદા હેતુથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે તા. ૨૦-૧૦-૧૯૮૮ના રોજ મંદિરનું ભૂમિપૂજન કરવા આવ્યું અને ત્યારબાદ ૧૦ મહિના જેવા ટૂંકાસમયમાં મંદિર તૈયાર થયા બાદ તા. ૨૬-૫-૧૯૯૧ના પવિત્ર દિવસે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કરકમળો દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આજથી વીસ વર્ષ પૂર્વે જે સત્સંગનું બીજ રોપેલું તે આજે વટવૃક્ષ બનીને સત્સંગ સમાજે તે મંદિરનો '૨૦મો વાર્ષિક પાટોત્સવ' તા. ૨૧ થી ૨૭-૫-૨૦૧૧ સુધી ભવ્યાતિથી ધામધૂમપૂર્વક ઉજવ્યો.

આ પ્રસંગે વડતાલથી **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** સંતમંડળ સહિત પધારી દર્શન-અમૃતવાણીનો અનેરો લ્હાવો આપ્યો હતો.

આ પાટોત્સવ પ્રસંગે તા. ૨૧ થી ૨૭-૫-૨૦૧૧ સુધી પૂ. સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજીના વક્તાપદે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું તેમજ અખંડધૂન, જનમંગલ સ્તોત્ર, સમૂહ મહાપૂજા, મારુતિયાગ યજ્ઞ વગેરે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું હતું.

તા. ૨૯-૫-૨૦૧૧ની વહેલી પ્રભાતે ઠાકોરજીના ષોડ્શોપચારથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અભિષેક થયો હતો. ત્યારબાદ ઠાકોરજીને છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. બપોરે ૪.૦૦ કલાકે ગોલ્ડન હંસમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીને વિરાજમાન કરીને વ્હીલીંગ ટાઉનના માર્ગ ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આજના પાટોત્સવ પ્રસંગે બાળ-યુવક મંડળો દ્વારા તૈયાર કરેલા ધાર્મિક સાંસ્કૃતિ કાર્યોક્રમોનું આયોજન થયું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના શિકાગોમાં રોકાણ દરમ્યાન શિકાગો શહેરમા હરિભક્તોના નિવાસસ્થાનોએ પધરામણી, બાળકો અને યુવાનો સાથે સત્સંગ પ્રશ્નોત્તરી, સત્સંગ સભાઓનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી અમેરિકામાં સૌપ્રથમવાર મંદિરના ૫૦ ફૂટ વિશાળ સિંહાસને સુવર્ણજડિત કરવા માટેનું આયોજન થયું હતું. અને તે કાર્ય હરિભક્તોએ ઉત્સાહ-ઉમંગથી ઉદારે દિલે સુવર્ણદાનનો ધોધ વહેડાવીને થોડી જ ક્ષણોમાં સંપૂર્ણ સિંહાસનની આર્થિક સેવાનું કાર્ય પૂર્ણ કર્યું હતું.












# (વડતાલધામ - શિકાગો)નો ૨૦મો વાર્ષિક પાટોત્સવ - ૨૦૧૧













પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - ન્યૂજર્સી

## તા. ૨૨-૬-૨૦૧૧ થી તા. ૨૬-૬-૨૦૧૧ સુધી

**સ્પોન્સર :-** અ.નિ. ભગુભાઈ મથુરભાઈ પટેલ (મલાતજ)ની પુણ્યસ્મૃતિમાં
હ.સુપુત્રો ધીરુભાઈ, ચંદ્રેશભાઈ તથા હસમુખભાઈ પટેલ










# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - ન્યૂજર્સી











# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - ન્યૂજર્સી














# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧ તસ્વીર દર્શન






કેલિફોર્નિયા રાજ્યના સાન ફ્રાન્સિસ્કો (ફ્રીમોન્ટ) શહેરને આંગણે પ.ભ. શ્રી મધસુદનભાઈ સોનીના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા (તા. ૬-૬-૨૦૧૧)






ટેક્સાસ રાજ્યના ડલાસને આંગણે પ.ભ. શ્રી અજયભાઈ સોનીના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૯-૬-૨૦૧૧)






ફ્લોરીડા રાજ્યના ઓકાલો શહેરને આંગણે  પ.ભ. શ્રી હસમુખભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૪-૬-૨૦૧૧)






નોર્થ કેરોલીના રાજ્યના શાર્લોટ ખાતે પ.ભ. શ્રી હરેશભાઈ પટેલ તથા સંજયભાઈ સાવલીયાના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૭-૬-૨૦૧૧)

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧ તસ્વીર દર્શન


Jersey city NJ
પધરામણી




ઓહિયો રાજ્યના સ્ટ્રીટસ્બોરો શહેરને આંગણે પ.ભ. શ્રી સાધુરામભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૪-૬-૨૦૧૧)


Atlantic City NJ
પધરામણી





ઓહિયો રાજ્યના સ્ટ્રીટસ્બોરો શહેરને આંગણે પ.ભ. શ્રી સાધુરામભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૪-૬-૨૦૧૧)


Houston
પધરામણી







પેન્સિલવેનીયા રાજ્યના સ્ક્રેન્ટન શહેરને આંગણે પ.ભ. શ્રી હરિકૃષ્ણભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ સત્સંગ સભા તથા સત્સંગીઓના નિવાસસ્થાને પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૩-૭-૨૦૧૧)

# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧ તસ્વીર દર્શન




























# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧ તસ્વીર દર્શન

Dallas પધરામણી



















Houston પધરામણી







# USA સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૧ તસ્વીર દર્શન




























# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી




















## પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રી ઘનશ્યામ મહારાજ - ડોંબીવલી **'સાતમો વાર્ષિક પાટોત્સવ'** (તા. ૪ થી ૧૧-૬-૨૦૧૧)

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દ્વારા પ્રતિષ્ઠીત થયેલ શ્રી ઘનશ્યામમહારાજ - ડોંબીવલી મંદિરનો પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી પધારી સ્ત્રીભક્તો દર્શન-કથાવાર્તાનો લાભ આપ્યો. પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી દ્વારા મંદિર પરિસરમાં શ્રીજીલીલાચરિત્રોના તકતાઓનું અનાવરણવિધિ કરવામાં આવ્યો. તા. ૪ થી ૧૧-૬-૨૦૧૧ સુધી 'વચનામૃત' ગ્રંથની કથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શિષ્ય પૂ. સ્વામી જ્ઞાનવલ્લભદાસજી તથા પૂ. સ્વામી પ્રેમવલ્લભદાસજીના વક્તાપદે રાખવામાં આવી હતી.






રાંદેર (સુરત)ને આંગણે ઉજવાયેલ મંદિરમાં વિરાજમાન અર્ચાસ્વરૂપ દેવોના વાર્ષિક પાટોત્સવના પ્રસંગે પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. (તા.૩-૬-૨૦૧૧)






ગઢડાને આંગણે ડો. પૂજારા સાહેબ(બોટાદ) યજમાનપદે અને પૂ. શા. કોઠારી સ્વામીના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. (તા. ૬-૬-૨૦૧૧)






ગઢડાને આંગણે યોજાયેલ ભગવાન શ્રીહરિના તીરોધાનતિથિ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. (તા. ૧૧-૬-૨૦૧૧)




# આજે જ આપના ઘરમાં વસાવો

## શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

**વક્તા :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**૧૪ ડી.વી.ડી સેટ**

**પ્રાપ્તિ સ્થાન :-** **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૯૮૨૫૧૩૪૧૦૮. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨.






જૂનાગઢને આંગણે  શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધારમણાદિક દેવોના ચંદનવાઘાના દર્શનાર્થે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી












પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તા. :- ૧૨-૬-૨૦૧૧ના રોજ રાજકોટને આંગણે શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા યોજાયેલ

## ત્રિમાસિક દિવ્ય સત્સંગ સભા તથા  વિદ્યાર્થી સત્કાર સમારંભ

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર પ્રકાશિત



# શ્રીમદ્ સત્સંગિજીવન

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મહાન સમ્રાટ ગ્રંથ**

**( મૂળ શ્લોક સહિત ગુજરાતી ભાષાંતર)**

**સંશોધક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)  **પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## ટૂંક સમયમાં જ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન...

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે જે શાસ્ત્રને 'સર્વશાસ્ત્રમાં શિરમોડ'નું બિરુદ આપી પ્રશંસા કરેલી છે. તેમજ આરતી-પૂજન કરેલું છે તેવા 'શ્રીમદ્ સત્સંગિજીવન' ગ્રંથની આજે ત્રણ વર્ષના સમયગાળા પ્રથમઆવૃત્તિ અને દ્વિતીય આવૃત્તિ મળીને ૧૦,૦૦૦ પ્રત સત્સંગ સમાજમાં વહેંચાઈ જતા, આ ગ્રંથની તૃત્તીય આવૃત્તિ પ્રકાશન કરવાની માંગણી તાકીદે ઊભી થઈ છે ત્યારે સહર્ષ આ ગ્રંથનું પુનઃ પ્રકાશનનું કાર્ય **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા હાથ ધરવામાં આવેલું છે.

આ ગ્રંથનું શુદ્ધ અને વિષયવાર હેડીંગ-પેરેગ્રાફાદિ સહિત માટે જ વાંચવામાં સરળ અને શ્રવણગમ્ય ગુજરાતી અનુવાદ તથા પુનઃ પ્રુફ સંશોધનાદિ કાર્ય પણ સરધાર નિવાસી સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય) દ્વારા જ કરવામાં આવેલ છે.



ફોરકલરમાં વિવિધ ચિત્રાવલિના ૩૫થી વધારે પોઝ (ફોટા) યુક્ત આ ગ્રંથ અંદાજે રૂા. ૫૫૦/- ની મૂળ કિંમતે તૈયાર થશે. પરંતુ આ ગ્રંથમાં, શ્રી સત્સંગિજીવન માહાત્મ્યમાં આ ગ્રંથના **દાનવિધિ** (અધ્યાય : ૭, શ્લોક : ૨૫)માં કહ્યા મુજબ 'अपुत्रः प्राप्नुयात्पुत्रं निर्धनो धनमाप्नुयात् । शास्त्रस्यैतस्य दानेन विद्यां विद्यार्थ्यवाप्नुयात् ॥२५॥' "આ શાસ્ત્રનું દાન કરવાથી પુત્ર વિનાનો માણસ પુત્ર પામે છે, દરિદ્ર માણસ ધનવાન થાય છે, વિદ્યાર્થી વિદ્યા મેળવી વિદ્વાન થાય છે"- આ ગ્રંથના દાનથી શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો તેમજ ભક્તજનના સર્વ મનોરથ પૂર્ણ થાય છે, એવું મહાફળ પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો માટે આ ગ્રંથમાં સૌજન્ય રાખવામાં આવેલું છે. જે કોઈ હરિભક્તો તરફથી **રૂા.૧૧૦૦/-**નું સૌજન્ય આપવામાં આવશે તેમનું આ ગ્રંથમાં દાતાની નામાવલિમાં નામલખાશે તેમજ તેમને **રૂા.૧૧૦૦/-** દીઠ એક ગ્રંથ ભેટ આપવામાં આવશે. (આ પ્રમાણે **રૂા.૨૨૦૦/-** લખાવશે તેને બે સેટ અને **રૂા.૫૫,૦૦૦/-** લખાવશે તેને પાંચ સેટ ભેટ આપવામાં આવશે. તેમઆગળ રકમપ્રમાણે ગ્રંથ ભેટ આપવાનું યથાયોગ્ય જાણી લેવું.) વિશેષમાં દાતા-ભક્તજનો દ્વારા પ્રાપ્ત થયેલા સૌજન્યને આભારી આ ગ્રંથની કિંમત ઓછી થશે, જેથી નાનામાં નાના ભક્તો પણ આ ગ્રંથને પોતાને ઘેર વસાવીને ગ્રંથ સેવનથી કૃતાર્થ થશે અને દાતા-ભક્તોને પણ એક **'શ્રીમદ્ સત્સંગિજીવન'ના દાન જેટલું ફળ** શ્રીમદ્ સત્સંગિજીવનમાં કહ્યા મુજબ ભગવાન શ્રીહરિની કૃપાથી અવશ્ય પ્રાપ્ત થશે.



ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૫૮માં કહ્યું છે : 'અમારા સંપ્રદાયની પુષ્ટિ તો અમારા જન્મથી તિરોધાન સુધીના ચરિત્ર સભર શાસ્ત્રના માધ્યમથી જ થાય, પરંતુ અન્ય રીતે ન થાય...' તો આ ગ્રંથના પ્રકાશન માધ્યમથી સંપ્રદાયની પુષ્ટિ થાય અને હજારો ભક્તજનોને ભગવાન શ્રીહરિની ઓળખાણ થાય અને જીવાત્માની મુક્તિ થાય એવો જ આ ગ્રંથ પ્રકાશનનો હેતુ રહેલો છે.



તો આ ગ્રંથમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે સેવા લખાવી પોતાની સંપત્તિનું સદ્વ્યય કરવાપૂર્વક ગ્રંથલાભ સહિત શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત કરવા ઈચ્છતા ભક્તજનો, **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**ના નામથી ચેક/ડ્રાફ કે રોકડ રકમમોકલી શકશે. જેની મંદિર તરફથી પાકી પહોંચ આપવામાં આવશે. (**નોંધ :** આ પહોંચને ગ્રંથ ભેટ પ્રાપ્તિ સુધી સાચવીને રાખવી જરૂરી છે.)

**ખાસનોંધ :-** આ ગ્રંથમાં જે કોઈ સેવા-સૌજન્ય લખાવવા માંગતા હોય તેમણે સરધાર મંદિર અથવા તો પૂ. સંતોનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**

તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧,

મો. ૯૮૭૯૭૫૮૫૦૩/૧૦, ૯૪૨૮૮૯૦૨૧૧, ૯૯૨૪૨૬૩૨૬૭, ૯૩૨૭૪૪૫૮૨૦







સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સંતોના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ યુવા જાગૃતિ સત્સંગ સભા (તા.૩-૭-૨૦૧૧)






પીઠવડી (ગઢડા પ્રદેશ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રીહરિ યાગ યજ્ઞ (તા. ૧૩-૭-૨૦૧૧)

અહિં કાપવું...

---


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર...  **દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી...**  ચાલો સરધાર..

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સરધારધામને આંગણે સોળમી




૧૬ શ્રી સ્વામિનારાયણ
**સત્સંગ છાવણી**
સરધાર ૨૦૧૧



**તારીખ :- ૨૪-૧૦-૨૦૧૧ થી ૩-૧૧-૨૦૧૧ સુધી**

આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

**"આજે જ આપ માણો.. સાંભળવા તેમજ જોવાલાયક"**

સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના સમધુર કંઠે ગવાયેલ

**કથા - પારાયણોની વિડીયો તથા એમ.પી-૩**

**માણો ઓનલાઇન :- www.sardharkatha.org**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી દ્વિતીય ચરણ આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'ના ઉપક્રમે માણાવદરને આંગણે



# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર

**પ્રયોજક** :- પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**તારીખ :- ૬-૯-૨૦૧૧ થી ૧૦-૯-૨૦૧૧ સુધી**

**આયોજક** :- ધર્મકુલ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - માણાવદર (સોરઠ પ્રદેશ)

**શિબિર સ્થળ** :- 'પટેલ સમાજની વાડી' પટેલ ચોક, માણાવદર, જી. જૂનાગઢ

**સંપર્ક :- શ્રી શાંતિભાઈ રતનપરા** - મો. ૯૪૨૬૧૬૭૭૦૮, **શ્રી ધર્મેશભાઈ મહેતા** - મો. ૯૪૨૬૨૩૦૭૬૬

દર મહિનાના પહેલા રવિવારે **સરધાર** અને મહિનાના છેલ્લા શનિવારે **રાજકોટ**માં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**:: સરધાર ::**
તા. ૭-૮-૧૧
**-: સમય :-**
સવારે ૮ થી ૧

**:: રાજકોટ ::**
**તા. ૩૧-૭-૧૧**
**-: સમય :-**
**રાત્રે ૯ થી ૧૧**

**સંપર્ક** :- શ્રી સ્વા. મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
શ્રી મહેન્દ્રભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૨૨૯૫૫૮, શ્રી કરશનભાઈ રાજકોટ - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

અહિં કાપવું...

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા મહોત્સવ, જગન્નાથપુરી - ૨૦૧૧

**તારીખ :- ૨૬-૧૨-૨૦૧૧ થી ૩-૧-૨૦૧૨**

**ફોર્મ બુકિંગ તા :**

**અટક :** ________ **નામઃ** ________ **પિતાનું નામ :** ________

**ગામઃ** ________ **તાલુકો :** ________ **જિલ્લો :** ________

**પીનકોડ :** ________ **ફો.નં. ઘર :** ________

**ઓફિસ :** ________ **મોબાઈલ :** ________

☐ જવા માટે ☐ પરત આવવા માટે

**કથાસ્થળ** :- 'શ્રી સત્સંગિજીવન ગ્રંથ ઉદ્‌ગમસ્થાન' ચક્રતીર્થ, જગન્નાથપુરી (ઓરિસ્સા)

**આયોજક** :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. (ગુજરાત)
**સંપર્ક** :- ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૪૨૮૬૮૪૮૬૮ (મહેતાજી)

**Visit us :** www.sardharkatha.com www.sardhardham.org **E-mail :-** sardharmandir@gmail.com

(**ખાસનોંધ** :- આ કથા મહોત્સવમાં ભાગ લેનાર ભક્તોએ પોતે જે ગવર્મેન્ટ માન્ય આઈ-કાર્ડનો ઉપયોગ કરતા હોય અને તેમાં નામ હોય તે જ ફોર્મમાં નામ ભરવું. જેની દરેક ભક્તોએ નોંધ લેવી.)

આ બુકિંગ ફોર્મની આપ ઝેરોક્ષકોપી કરીને આપના ફોટા-સરનામા સાથે 'સરધાર મંદિર' ઉપર મોકલી શકશો.

## આ કથા મહોત્સવમાં લાભ લેનાર ભક્તોને માટે સૂચના

- આ કથા મહોત્સવમાં આવનાર તમામ ભક્તજનોને માટે **મહોત્સવ સમિતિ** દ્વારા **રહેવા-જમવા**ની તથા **આવવા-જવાના ટીકીટ ભાડા**ની સંપૂર્ણ વ્યવસ્થા **વિના મૂલ્યે** કરવામાં આવશે.
- આ કથા મહોત્સવમાં ફક્ત **૫૦૦૦ હરિભક્તો** લઈ જવાના હોવાથી 'જે વહેલા તે પહેલાને ધોરણે' જે કોઈ ભક્તોને આવવાની ઈચ્છા હોય તેમણે **તા. ૩૦-૮-૨૦૧૧** સુધીમાં પોતાનું નામ નીચે જણાવેલ સંપર્ક સ્થળોએ પોતાના ફોટો અને માહિતી ફોર્મ ભરીને રૂા. ૧૫૦૦ ડીપોઝીટ (બુકીંગ વ્યવસ્થા માટે) ભરવાની રહેશે. જે રકમ જગન્નાથપુરીમાં પરત આપવામાં આવશે.
- આ કથા મહોત્સવમાં ફક્ત **૬૦ વર્ષથી** નીચેના જ **પુરુષભક્તો** તથા **સ્ત્રીભક્તો** એમ બંને લાભ લઈ શકશે. જેની દરેકે ખાસ નોંધ લેવી.
- આ કથા મહોત્સવમાં આવનાર ભક્તોએ **ફરજીઆત પૂજા** કરવાની રહેશે. અને પૂજા ન કરતા હોય તેમણે પૂજા લેવાની રહેશે. તેમજ લાભ લેનાર ભક્તો **નિર્વ્યસની** હોવા ફરજીઆત છે.
- જે હરિભક્તોએ કથા પૂર્ણ કરીને અન્ય તીર્થધામના દર્શન કરવા માટે જવું હોય તેમણે અગાઉથી સંપર્ક સ્થળોએ ફોર્મ ભરતા સમયે જણાવવાનું રહેશે.
- આ કથા મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા માટે એક **ગરમ વસ્ત્ર** ફરજીઆત સાથે લાવવાનું રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી.
- આ કથા મહોત્સવનો લાભ લેનાર હરિભક્તોએ ફક્ત ટ્રેનમાં **મુસાફરી દરમ્યાન** નાસ્તા પાણી વગેરે **ભોજન વ્યવસ્થા** પોતાની રીતે કરવાની રહેશે.

## જગન્નાથપુરી જવા-આવવાની વ્યવસ્થા નીચે મુજબ રહેશે

- રાજકોટ રેલ્વે સ્ટેશનથી તા. ૨૧-૧૨-૨૦૧૧ના રોજ ઉપડતી ટ્રેનમાં જે ભક્તોનું બુકિંગ આવશે તેમણે જગન્નાથપુરીથી તા. ૧-૧-૨૦૧૨ના રોજ પરત ફરવાનું રહેશે. આ ભક્તો તા. ૨૪ અને ૨૫ એમ બે દિવસ સુધી અન્ય તીર્થસ્થાનોના દર્શન કરવાનો લાભ લઈ શકશે.
- અમદાવાદ-વડોદરા-સુરત રેલ્વે સ્ટેશનથી તા. ૨૨-૧૨-૨૦૧૧ના રોજ ઉપડતી ટ્રેનમાં જે ભક્તોનું બુકિંગ આવશે તેમણે જગન્નાથપુરીથી તા. ૫ અને તા. ૨૩નું બુકિંગ આવશે તેમણે તા. ૬ અને તા. ૨૪નું બુકિંગ આવશે તેમણે તા. ૭-૧-૨૦૧૨ના રોજ પરત ફરવાનું રહેશે. આ તારીખમાં જોડાનાર તમામ ભક્તો કથાના છેલ્લા દિવસોમાં અન્ય તીર્થસ્થાનોના દર્શન કરવાનો લાભ લઈ શકશે.
- મુંબઈ વિસ્તારના હરિભક્તો માટે તા. ૨૨-૧૨-૨૦૧૧ના રોજ ઉપડતી લોકમાન્ય તિલક ટ્રેન ડાયરેક્ટ જગન્નાથપુરી જશે. તેમજ મુંબઈથી દરરોજ ઉપડતી કોનાર્ક એક્સપ્રેસ ટ્રેન ભુવનેશ્વર સુધી જશે. ત્યાંથી જગન્નાથપુરી પોતાને રીતે પહોંચવાનું રહેશે. આ ભક્તો સમયાનુકળતા પ્રમાણે અન્ય તીર્થસ્થાનોના દર્શન કરવાનો લાભ લઈ શકશે.
- વિદેશમાં વસતા હરિભક્તો પણ આ કથા મહોત્સવનો લાભ લઈ શકશે. તેઓને માટે જગન્નાથપુરીથી ૬૦ કિલોમીટર દૂર ઓરિસ્સા રાજ્યની રાજધાની ભુવનેશ્વર શહેરમાં એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ તેમજ રાષ્ટ્રીય ફ્લાઈટની સુવિધા ઉપલબ્ધ છે.
- જે હરિભક્તોના બુકિંગ ફોર્મ ભરાઈ પહેલા આવશે તેનું તે પ્રમાણે બુકિંગ વ્યવસ્થા થશે.
- આ કથા મહોત્સવમાં પોતાની રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા હરિભક્તો માટે પણ **રહેવા-જમવા**ની વ્યવસ્થા કરવામાં આવશે. પરંતુ તેમણે સરધાર મંદિરે જણાવવાનું ફરજીઆત રહેશે.

**બુકિંગ ફોર્મ મેળવવા માટે સંપર્ક :- શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૪૨૮૬૮૪૮૬૮ (મહેતાજી) . ◆ **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. ◆ **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૯૮૨૫૧૩૪૧૦૮. ◆ **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨. ◆ **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫. ◆ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. ◆ **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. ।**પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. ◆ **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. ◆ **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. ◆**નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. ◆**શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. ।**હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. ◆**અમરશીભાઈ ખાદી - ભાવનગર.** મો. ૯૪૬૩૧૪૩૬૮.

## કથાસ્થળ

# 'શ્રી સત્સંગિજીવન ગ્રંથ ઉદ્‌ગમસ્થાન'

## ચક્રતીર્થ, જગન્નાથપુરી (ઓરિસ્સા)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# પવિત્ર ધનુર્માસમાં 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથરાજના ઉદ્‌ગમસ્થાન



## ચક્રતીર્થ જગન્નાથપુરીને આંગણે...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી **દ્વિતીય ચરણ** આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'**ના ઉપક્રમે

**તારીખ :- ૨૬-૧૨-૨૦૧૧ થી ૩-૧-૨૦૧૨**

## શ્રીમદ્ સત્સંગિજીવન મહોત્સવ કથા

**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ૨૫૦મી કથાપારાયણ**

વિશ્વવંદ્ય એવી ભારતીય સંસ્કૃતિમાં ધર્મગ્રંથોમાં વર્ણન કરાયેલા **અતિ પ્રસિદ્ધ** અને **મહિમાશાળી** ભારત દેશના મુખ્ય ચાર **તીર્થધામ** માંહિલું એક તીર્થ એટલે **જગન્નાથપુરી.** ઓરિસ્સા રાજ્યમાં પૂર્વ તરફના સમુદ્ર કિનારા ઉપર સૃષ્ટિના આદિકાળથી જ પ્રતિષ્ઠા પામેલા આ તીર્થધામનો મહિમા 'શ્રી સત્સંગિજીવન' આદિક ધર્મગ્રંથોમાં ખૂબજ વિસ્તારથી કહેવામાં આવ્યો છે. આ શાસ્ત્રોના મત પ્રમાણે ભગવાને કળિયુગના ઘોર પાપીજનોના પાપને દર્શનદાનથી જ ટાળવા માટે આ સ્થાને પોતે **કાષ્ઠની પ્રતિમા**નું સ્વરૂપ તથા અહિંના **પુરુષોત્તમપુરીના ક્ષેત્ર**નું સ્વરૂપ પણ ધારણ કરેલ છે. ભગવાનની જ દિવ્ય ઈચ્છાથી મહાન ભક્ત ઈન્દ્રદ્યુમ્ન રાજાને નિમિત્ત બનાવી હાલમાં દર્શન આપતી અલૌકિક મહાકાષ્ઠની મૂર્તિ કે જેમાં સમુદ્ર માર્ગે ભગવાનની જ પ્રેરણા-સંકેતથી જગન્નાથપુરીમાં પ્રાપ્ત થયેલા અસ્થિ પણ પધરાવેલ છે. તેથી પણ આ ક્ષેત્રનો મહિમા અત્યંત અપાર વૃદ્ધિને પામેલો છે.

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પણ **નીલકંઠવર્ણી વેશે** તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં સં. ૧૮૫૪માં પધાર્યા હતા અને 'શ્રી સત્સંગિજીવન' આદિક ગ્રંથમાં કહ્યા મુજબ સમગ્ર ભારતમાં અતિ ગૌરવભર્યા આ સ્થાનમાં પૃથ્વીના ભારરૂપ બનેલા કેટલાક દુરાચારી અસુરોના નાશ માટે શ્રી જગન્નાથજીની વિનંતિને માન આપીને **દશ માસ** સુધી અહિંના પ્રસિદ્ધ શ્રી **ઈન્દ્રદ્યુમ્ન સરોવર**ને કિનારે જ નિવાસ કરીને રહ્યા હતા અને અહિંના તમામ ક્ષેત્રોને પણ **વિશેષ તીર્થત્વ** આપીને **પાવન** કર્યા હતા.

'साक्षाद्धरौ सकललोक गुरौ रसाया अन्तर्हिते ननु मुमुक्षुजनैकबन्धौ...' - (શ્રી સત્સંગિજીવન : ૧/૧/૧૮) આ શ્લોકમાં કહ્યા મુજબ સાક્ષાત્ ભગવાન શ્રીહરિના અંતર્ધાન બાદ મુમુક્ષુજનોને સંસારસાગર તરવા માટે એકમાત્ર નૌકા સમાન એવા સાક્ષાત્ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ ગણાતા એવા **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથ-શાસ્ત્રની કથાનો **સંવાદ** પણ અહીં જ **સુવ્રતમુનિ** (શ્રી સ્વરૂપાનંદ સ્વામી) અને ભાડેરના **રાજા પ્રતાપસિંહ**ના માધ્યમથી **સૌપ્રથમ** અહીંના જ **ચક્રતીર્થ-ક્ષેત્ર**માં ઉદ્‌ભવેલો છે. આ વાતની 'શ્રીમદ્ સત્સંગિજીવન' તથા 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં પણ નોંધ કરેલ છે.

આવા મહિમાવંત અને તેમાં પણ સાક્ષાત્ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના મળેલા સ્વરૂપાનંદ સ્વામી-સુવ્રતમુનિ જેવા સંતો-ભક્તોના સાક્ષાત્ સંબંધથી સવિશેષ ગૌરવગાથાને પ્રાપ્ત કરેલા આ **શ્રી જગન્નાથપુરી** રૂપ મહાન તીર્થધામમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી **દ્વિતીય ચરણ** આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ - જૂનાગઢ'**ના ઉપલક્ષમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૨૫૦મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**નું **તા. ૨૬-૧૨-૨૦૧૧ પોષ સુદ - ૨** થી **તા. ૩-૧-૨૦૧૨ પોષ સુદ - ૧૦** સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.


તો આ ગ્રંથરાજની સુવ્રતમુનિને મુખ થકી **સર્વપ્રથમવાર** વહેલી ગાથાને **૧૭૫ વર્ષ** બાદ ફરી તે જ ભગવાન શ્રીહરિના **અતિ પ્રસાદિભૂત તીર્થધામ**માં સર્વોપરી આજ્ઞા-ઉપાસનાની વાતોની સાથે **દેવદર્શન-ધર્મકુળ દર્શન-સંતદર્શન-ભજન-કથાવાર્તા** અને **તીર્થસ્થાનોના દર્શન**નો એક **અમૂલ્ય** અને **અલભ્ય લાભ** લેવા માટે તમામભક્તજનોને **સ્નેહસભર** પધારવા માટે અમો **ભાવભીનું નિમંત્રણ** પાઠવીએ છીએ... રખેને આ **અવસર** ચૂકાય ન જાય...!!!

**નોંધ :- આ કથા મહોત્સવનું લાઈવ પ્રસારણ સંસ્કાર ચેનલ ઉપર કરવામાં આવશે.**

**આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. (ગુજરાત)**

**સંપર્ક :-** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩, ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૪૨૮૬૮૪૮૬૮ (મહેતાજી)

**Visit us :** www.sardharkatha.com | www.sardhardham.org **E-mail :-** sardharmandir@gmail.com






વર્જનીયા રાજ્યના કોલોનીયલ હાઈટ્સ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૮-૬-૨૦૧૧)







પેન્સિલવેનીયા રાજયના હેટફિલ્ડ ખાતે પ.ભ. શ્રી હસમુખભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૩૦-૬-૨૦૧૧)






પેન્સિલવેનીયા રાજયના હોલિડેસ્બર્ગ ખાતે પ.ભ. ડો. શ્રી કિશોરભાઈના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨-૭-૨૦૧૧)






ન્યૂર્જસી રાજયના પ્લેનસ્બોરો ખાતે પ.ભ. શ્રી મનિષભાઈ મલાતજના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૪-૭-૨૦૧૧)




ઓહિયો રાજ્યના સ્ટ્રીટસ્બોરો શહેરને આંગણે પ.ભ. શ્રી સાધુરામભાઈ પટેલના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૪-૬-૨૦૧૧)




ટેક્સાસ રાજ્યના ડલાસને આંગણે  હિન્દુ ટેમ્પલ સોસાયટીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૦-૬-૨૦૧૧)




ફલોરીડા રાજ્યના મેલબોર્ન શહેરને આંગણે  પ.ભ. શ્રી રાકેશભાઈ ચોવડીયાના નિવાસસ્થાને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૧૩-૬-૨૦૧૧)















પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - ન્યૂજર્સી U.S.A.

આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ - ન્યૂજર્સી(યુ.એસ.એ)

Shree Swaminarayan Chintan, July - 2011 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011,
RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.
License to post W.P.P No. G.PMG-RJT/018/2011

















પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયો **શ્રી સ્વામિનારાયણ મંદિર - વ્હીલીંગ (વડતાલધામ - શિકાગો)નો**

# ૨૦મો વાર્ષિક પાટોત્સવ - ૨૦૧૧

આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર - વ્હીલીંગ (વડતાલધામ શિકાગો - યુ.એસ.એ)

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji